२९८४

*Karani's Translation Series.*

# A GUIDE

TO

# ROYAL READER No. II.

SECOND EDITION

REVISED AND ENLARGED.

*Registered under Act XXV. of 1867.*

Bombay:

**ERACHSHAH KARANI & Co.,**

PUBLISHERS AND BOOK-SELLERS, No. 33 DHOBI TALÁO;

**JEHANGIR BEJANJI KARANI,**

PUBLISHER & BOOK-SELLER,

No. 18, PARSI BAZAR STREET, FORT.

***Price 8 Annas.***

This book contains all the words and phrases occurring in Royal Reader No. II. with their pronunciations in Gujarati and Gujarati equivalents and meanings, (and their synonyms or definitions or equivalent expressions in English up to the 50th page) and a literal translation of the first twenty-five pages, and a free translation of twenty-five more pages *i. e.* up to the 50th page.

Bombay.

PRINTED AT RÁNINÁ'S UNION PRESS.

1884.

૨૧૪૫

૨૧૪૫

# ROYAL READER

## NO. II.

### THE SPIDER. કરોળીઓ.

Do you see ? તમે જુઓછો?

Spider, *n.* (સ્પાઈડર) કરોળીઓ, કરોળિઓ, A spinning insect.

Picture, *n.* (પિક્ચર) છબી; ચીત્ર, A likeness.

He has just got done, તેણે હમણાંજ પુરૂં કીધુંછે, He has now finished.

Web, *n.* (વેબ) પડ; જાળું.

In *the very middle,* (ઈન ધી વેરી મીડલ) બરોબર મધ્યભાગમાં, *The centre.*

Ready, *a.* (રેડી) તૈયાર, Willing.

To pounce, *inf.* (ટુ પાઉન્સ) તડાપ મારીને પકડી લેવાને, To dart down quickly.

Fly, *n.* (ફ્લાઇ) માખી, A winged insect.

As soon as he *begins to live,* જેવો તે જીવવાને શરૂ કરેછે, જેવો તે જન્મેછે, *Is born.*

Is born a weaver, જન્મથીજ વણકર હોયછે, Is a weaver from his birth.

Youngest, *a.* (યંગેસ્ટ) સૌથી નાનો, Smallest.

Just *as well* as the oldest, બરોબર સૌથી બુઢામાં બુઢા કરોળીઆની માફક, *Like.*

The spider never has to go to school, કરોળીઆને કદી નિશાળે જવું પડતું નથી.

Task, *n.* (ટાસ્ક) કામ, Labour.

Duck, *n.* (ડક) બટક, A water fowl.

Can swim, *v.* (કૅન સ્વિમ) તરી શકેછે, Can float on water.

As soon as it is hatched, (હૅચ્ડ)

જેવું તે સેવાયછે તેવુંજ; જેવું તે ઈંડાંમાંથી નિકળેછે તેવુંજ, As soon as it is brought forth from an egg.

Nest, *n.* (નેસ્ત) માળો, Bed of a [bird.

Honey-comb, *n.* (હની કોમ્બ) મધપૂડો, Cells of the bee.

Without any teaching, (તીચિંગ) કોઇના પણ શિખવ્યા વગર.

Creatures, *n.* (ક્રીચર્સ) પ્રાણીઓ, Beings created.

Has given, *v.* (હેઝ ગીવન) બક્ષેલીછે; આપીછે, Has bestowed.

That is why, એટલા સારૂ.

Blunders, *n.* (બ્લંડર્સ) ભુલચૂકો, Mistakes.

Weavers, *n.* (વીવર્સ) વણકરો.

Spinners, *n.* (સ્પિનર્સ) કાંતનારા.

Could not beat, હરાવી શકે નહીં, Could not vanquish.

In the work that he does, જે કામ તે કરેછે તેમાં.

Is never in a hurry (હરી) કદીબી ઉતાવલ કરતો નથી, Is never hasty.

To make every thread fast, દરેક દોરો મજબુત કરવાને.

Takes a pride, માન લેછે—સમજેછે, Is proud of.

In the very best way, સૌથી સરસ રીતે, By the best means.

Masons, *n.* (મેસન્ઝ) કડીઆ, કારીગર, ઘાંડફોડા, Artificers in bricks & stone.

The size of a big thimble, (થિમ્બલ) એક મોટી આંગોથીનાં કદના જેટલાં.

To fasten, *inf.* (ટુ ફાસ્ટન) બંધ કરવાને, To lock. [માંહેથી

Inside, *ad.* (ઈનસાઈડ) અંદરથી

Robber, *n.* (રૉબર) ચોર, Thief.

Can get in, અંદર આવી શકે, Can enter.

Garden-spider, *n.* (ગાર્ડન સ્પાઈડર) વાડીમાં રહેનારો કરોળીઓ.

Lets float, *v.* (લેટ્સ ફ્લોટ) અધર ઉડતા રાખેછે, Lets be buoyed up in the air.

Threads, *n.* (થ્રેડ્સ) દોરા.

Happen to *take hold of*, પકડે એવું બને, to *seize*.

Plants, *n*. (પ્લૅન્ટ્સ) રોપા, Herbs.

As the road or bridges, (બ્રિજીસ) રસ્તા અથવા પુલો તરીકે.

Crosses from place to place, એક જગ્યાંથી બીજી જગ્યાએ જાયછે.

A strange story, એક અજાયેબ જેવી વાત, A wonderful tale.

Saving, *p*. (સેવિંગ) બચાવતાં, Preserving.

By this *means*, આ રીતે; આ ઉપાયથી, *Way*.

Stood, *v*. (સ્ટુડ) હતી, Was.

Island, *n*. (આયલંડ) ટાપુ; બેટ.

Midst, *pre*. (મિડસ્ટ) વચ્ચે. [out.

To get off, બાહેર નિકળવાને, To go

Kept still for a while, થોડાક વખત શાંત ઉભો રહ્યો, Remained motionless &c.

Seemed to say to himself, પોતાને મનસે કહેતો હોય એમ જણાયો.

I am in a nice fix now, હવે હું જબરા સપાટામાં આવી ગયોછું; હવે હું સખ્ત કઢંગી હાલતમાંછું, I am in a position of difficulty; I am in a dilemma.

Soon made up his mind, શું કરવું તેનો તેણે તરતજ મનમાં ઠેરાવ કીધો, Soon determined.

To spin, *inf*. (ટુ સ્પીન) વણવાને, To draw out and twist into threads.

Slid along the line, પેલી લીટીપરથી સરી ગયો. [ped.

Slid, *v*. (સ્લિડ) સરી ગયો, Slip-

Got safely, સહી સલામત આવી પુગો, Came securely.

To dry land at last, આખરે સુકી જમીનપર.

Questions, *n*. (ક્વેસ્ટશન્સ) સવાલો, Interrogatories.

Do you see તમે જુઓછો the spider કરોળીઓ in the picture ચીત્રમાં? He has just got his web done તેણે હમણાજ પોતાનું પડ પુરૂં કીધુંછે; and there અને ત્યાં he sits તે બેસેછે in the very middle

of it, તેના બરાબર મધ્ય ભાગમાં ready તૈયાર (થઈને) to pounce upon a fly માંખને તડાપ મારીને પકડી લેવાને. The spider કરોળીઆને loves work કામ કરવાને ગમેછે. He તે begins to work કામ કરવા માંડેછે as soon as જેવો he begins to live તે જન્મેછે (તેવોજ). Every spider દરેક કરોળીઓ is born a weaver જન્મથી વણનારો હોયછે. Even the youngest spider સૌથી નાનો કરોળીઓબી knows જાણેછે how to weave his web પોતાનું પડ (વણવાને) બનાવવાને just as well બરાબર as the oldest બુઢામાં બુઢા કરોળીઆની માફક. The spider કરોળીઆને never has to go કદી જવું પડતું નથી to school નિશાળે to learn his task પોતાનું કામ શિખવાને, so, તેજ પ્રમાણે the little duck બતકનું બચ્ચું can swim તરી શકેછે as soon as it is hatched જેવું તે ઈંડાંમાંથી બાહેર નિકળેછે તેવુંજ. And અને the little bird પક્ષીનું બચ્ચું can build its nest પોતાનો માળો બાંધી શકેછે and the bee અને મધમાખ can make honey comb મધપૂડો બનાવી શકેછે without any teaching કોઈનાબી શિખવ્યાવગર. God ઈશ્વરે has given આપોછે these creatures આ પ્રાણીઓને the power શક્તિ to do their work પોતાનું કામ કરવાની. And that is why અને તેટલા સારૂ they તેઓ never make કદી કરતા નથી any blunders કોઈબી જાતની ભૂલો. Not નહીં all the weavers and spinners સઘળા વણકરો અને કાંતનારાઓ in the world દુનિઆમાંનાં could beat હરાવી શકે the spider કરોળીઆને in the work કામમાં that he does જે તે કરેછે. The spider કરોળીઓ is never in a hurry કદીબી ઉતાવળો થતો નથી. He તે always takes care હમેશાં સંભાળ લેછે, to make કરવાને every thread fast દરેક દોરો મજબુત. He તે

takes a pride મગરૂરી લેછે in doing his work well પોતાનું કામ બરોબર કરવામાં.

All spiders સઘળા કરોળીઆને have not the same kind of work to do એકજ જાતનું કામ કરવાનું હોતું નથી. But they all પણ તેઓ સઘળા do it તે કરેછે in the very best way સૌથી સરસ રીતે.

Some spiders કેટલાક કરોળીઆ are masons કડિઆ હોયછે. These તેઓ build houses ઘરો બાંધેછે, the size of a big thimble મોટી અંગોથીના કદના જેટળાં. They make તેઓ કરેછે doors બારણા to them તેઓને which they shut જે તેઓ બંધ કરેછે, when they go in તેઓ અંદર જાયછે ત્યારે. It is even said એટલે સુધી કહેવાયછે, that કે they are able તેઓ શક્તિવાનછે to fasten the door બારણું બંધ કરવાને of the house તે ઘરનું inside અંદરથી so that જેથી કરીને no robber can get in કોઈબી ચોર અંદર આવી શકે નહીં.

The garden spider બાગમાં રહેનારો કરોળીઓ lets its threads float પોતાના દોરા ઉડતા રાખેછે in the air હવામાં till જ્યાંસુધી they happen to take hold of તેઓ પકડી શકેછે plants રોપા or branches of trees અથવા ઝાડની ડાંખલીઓ. It તે then તે વખતે uses these threads આ દોરાઓને વાપરેછે as the roads or bridges રસ્તા અથવા પુલો તરીકે by which જેથી કરીને it crosses from place to place તે એક જગ્યાએથી બીજી જગ્યાએ જાયછે.

A strange story એક અજાએબ જેવી વાત is told of a spider saving his life એક કરોળીઆએ પોતાની જીંદગી બચાવી તે વિશે કહેવાયછે by this means એ ઉપાયથી. He was put તેને મુક્યો હતો

upon the end of a stick એક લાકડીના છેડા ઉપર which stood જે હતી a foot or two એકકે બે ફુત out of water પાણીની બાહેર. He was તે હતો on a little island એક નહાના તાપુ ઉપર in the midst વચોવચ of a little sea એક નહાના દરિઆની.

What did he do? તેણે શું કીધું? He walked down the stick તે લાકડીની નિચે ગયો, to the edge કોર સુધી of the water પાણીની. He went round and round it તે તેની આસપાસ ગોલ ચકરડામાં ફર્યા કીધો; but he પણ તે could find no way રસ્તો મેળવી શકયો નહીં to get off બાહેર નિકળવાનો.

He then તે પછી went once more એક વખત ફરીથી ગયો to the top of the stick લાકડીને મથાળે and kept still અને શાંત ઉભો રહ્યો for a while થોડાક વખત. He seemed તે જણાયો to say to himself પોતાના મનમાં કહેતો હોય એમ Well, ઠીક, I am in a nice fix now હું હમણા જબરા સપાટામાં આવી ગયોછું; what am I to do? મારે શું કરવું જોઇએ? He soon, તેણે તરતજ made up his mind શું કરવું તેનો ઠરાવ કીધો. For કારણ કે he at once તેણે એકદમ began to spin a long thread એક લાંબો દોરો કાઢવા માંડયો. He તેણે made one end of it fast તેનો એક છેડો (બાંધ્યો) વળગાડ્યો to the top of the stick લાકડીના મથાળાને and let the thread float away અને તે દોરાને ઉડતો (ખસડાતો) રાખ્યો in the wind પવનમાં till જ્યાંસુધી it caught a tree એક ઝાડને વળગ્યો on the shore કિનારા ઉપરના. He then તે ત્યાર પછી slid along the line તે લીટીપરથી સરીને ગયો and got safely અને સહી સલામત આવી પુગો to dry land સુકી જમીનપર at last છેલે સરવાળે.

## THE CHILD & THE BIRD. છોકરું અને પક્ષી.

Cage, *n.* (કેજ) પાંજરૂ, A box to confine birds.

Cherries, *n.* (ચેરીઝ) ચેરી ફળો; આલુ; Small stone fruits.

*All wet* with dew, દવથી બધાં ભીંજાઇ ગયલાં, *All moistened.*

Thanks, (થેંક્સ) હું તારો ઉપકાર માનુંછું.

Maiden, *n.* (મેડન) કુમારીકા, Virgin.

Cool, *n.* (કુલ) થંડી, Cold.

I dearly love, મને બહુજ ગમેછે.

Snug, *a.* (સ્નગ) છુપો; સુંદર; સગવડ ભરેલો, Convenient.

Golden, *a.* (ગોલડન) સોનાનું, Of gold.

Are buried in snow, બરફમાં દટાઇ ગયલાંછે, Are covered with snow.

Stay, (સ્ટે) થોભ, Stop.

Nay, *ad.* (ને) નહી; No.

Spring, *n.* (સ્પ્રિંગ) વસંત ઋતુ, Season when plants rise and vegetate.

Cheerful, *a.* (ચીઅરફુળ) ખુશાનુંમાં, Gay.

Joy-ful song, ખુશી ભરેલું ગાયણુ—ગીત, Cheerful song.

Will guide, *v.* (વિલ ગાઇડ) રસ્તો દેખડાવશે, Will lead.

Foolish one, મુખરે, Silly one.

If you don't stay with me જો તું મારી સાથે નહીં રહેશ તો.

To *drink* the sun-shine everywhere, બધી જગ્યાની રોશની(તડકો) ભોગવવા માટે, *To enjoy.*

Morning air, સહવારની હવા.

Pretty, *a* (પ્રિતિ) સુંદર, Beautiful.

Winter, *n.* (વિનતર) શિઆળો, Cold season.

Little bird, નાના પક્ષી little bird નાના પક્ષી come to me મારી આગળ આવ! I have મારી પાસેછે a clean cage એક સાફ પાંજરૂં all ready બધું તૈયાર for thee તારે સારૂં; Many bright flowers ઘણાં સુંદર ફુલો I will bring હું લાવીશ to you તારી આગળ, And fresh ripe cherries અને તાજાં પાકાં ચેરી ફળો all wet with dew

સઘળાં દવથી ભીંજાયલાં. Thanks તારો આભાર માનુંછુ little maiden નાની કુમારીકા for all thy care તારી સઘળી સંભાળને સારૂં, But પણ I dearly love હું પ્યારથી ચહાઊંછું the clear, cool air સાફ થંડી હવા; And અને my snug little nest મારો સગવડ ભરેલો નાનો માળો in the old oak tree જુના ઓક ઝાડમાં Is better વધારે સારોછે than golden cage સોનાના પાંજરાં કરતાં for me મારે સારૂં. Little bird, little bird, નાના પક્ષી, નાના પક્ષી where wilt thou go તું ક્યાં જશે When all the fields જ્યારે સઘળાં ખેતરો are buried દતાઈ જશે in snow બરફમાં, The ice બરફ will cover ઢાંકી નાંખશે the old oak tree જુના ઓક ઝાડને; Little bird, little bird, નાના પક્ષી, નાના પક્ષી stay with me મારી સાથે રહે. Nay નહીં, little maiden નાની કુમારીકા away I will fly હું ઉડીશ, to greener fields વધારે લીલાં ખેતરોમાં and a warmer sky અને વધારે ગરમ દેશમાં. When spring comes back જ્યારે વસંતરૂતુ પાછી આવશે with cheerful rain ખુશાનુમાં વરસાદ સહીત My joyful song મારૂં ખુશી ભરેલું ગીત you will hear again તું ફરીથી સાંભળશે.

Little bird, નાના પક્ષી, little bird નાના પક્ષી who will guide thee તને કોણ રસ્તો બતાવશે, Over the hills and over the sea તેકડીઓ ઉપર અને દરિઆ ઉપર, Foolish one મૂર્ખ રે come with me મહારી સાથે આવ to stay રહેવાને; if you don't જો તું નહીં આવશે તો I am sure મહારી ખાતરીછે you will lose your way તું તારો રસ્તો ચુકીને ભુલો પડશે.

Ah, no, ઓ, નહીં, little maiden નહાની કુમારીકા, God guides me ઇશ્વર મને રસ્તો બતાવેછે, Over the hills તેકડી ઉપરનો and

over the sea અને દરિઆ ઉપરનો. He made me free તેણે મને છુટાપણું બક્ષેલુંછે, as the morning air, સહવારની હવાની માફક; To drink the sunshine તડકો ભોગવવાને every where બધી ગમનો.

---

## THE RABBITS. સસલા.

George, *n.* (જ્યૉર્જ) જ્યૉર્જ.

Rabbits, *n.* (રૅબિટસ) સસલા, Hares.

Pretty, *a.* (પ્રિતિ) સુંદર, Handsome.

Are feasting, *v.* (આર ફીસ્ટિંગ) ખાયછે, Are eating.

Hungry, *a.* (હંગ્રી) ભૂખ્યાં, In want of food.

Edges, *n.* (ઍડજેસ) કોરો, Borders.

Wild, *a.* (ઉવાઇલ્ડ) જંગલી, Not tame.

To feed, *inf.* (ટુ ફીડ) ખાવાને, To eat.

Very close to the ground, જમીનપર છેક અડોઅડ—નજદીક.

Amongst the grass, ઘાસમાં.

Can hardly see, કદાચજ જોઈ શકો; ઘણી મુશ્કેલાઈથી જોઈ શકો, Can see with difficulty.

Gray things, (ગ્રે થિંગ્સ) ભુરી ચીજો, Hoary substances.

If you clap your hands, જો તમે ટાગડા ફોડો, If you strike your hands together.

Lots of tails, (લૉટ્સ ઑફ ટેઇલ્સ) સંખ્યાબંધ પૂછડીઓ; ઢગલાબંધ પૂછડીઓ, A great number of tails.

Bobbing *p.* (બૉબિંગ) હીલતી ઝુલતી; Playing loosely.

Pretty sight, સુંદર દેખાવ, Beautiful scene.

Hundreds and hundreds સેંકડો, Many hundreds.

Streets, *n* (સ્ટ્રીટ્સ) મોહોલા, Paved ways between houses.

Creatures, *n.* (ક્રીચર્સ) પ્રાણીઓ, Beings.

Live together, સાથે રહેછે, Dwell together.

Perhaps, *ad.* (પરહેપ્સ) કદાચ, Peradventure.

Town, *n.* (ટાઉન) શેહેર, A district of houses.

There is George looking જ્યૉર્જ જુએછે at the rabbits સસલાં તરફ. Let us go and see them too ચાલો આપણેબી તે જઇને જોઇએ. Oh અરે, how pretty કેવાં સુંદર they are તેઓ છે. Can they eat શું તેઓ ખાઈ શકેછે anything કાંઈબી ચીજ.

Yes, Lily હા લિલી, You may give them તમે તેઓને આપો these green leaves આ લીલાં પાંદડાં. Now હવે they see તેઓ જુએછે the leaves પાંદડાં. Oh, અરે, how they are feasting તેઓ કેવાં (મોજથી) ખાયછે! They seem તેઓ જણાયછે very hungry ઘણા ભુખ્યા. Their little mouths તેઓના નાના મોંહોડાં go round and round the edges કોરની આસપાસ જાયછે of the fresh green leaves તાજાં લીલાં પાંદડાંની and soon અને જલદીથી they will eat them all up તેઓ તે સઘળાં (પાંદડાં) ખાઇ જશે.

Wild rabbits જંગલી સસળાં go into holes દરમાં જાયછે which they make જે તેઓ કરેછે in the ground જમીનમાં. There they are safe ત્યાં તેઓ સલામત છે, and don't fear અને ધાસ્તી રાખતા નથી either dogs or cats કુતરા અથવા બીલાડીની or even men અથવા માણસોનીબી, who would like to catch them જેઓને તેઓને પકડવા ગમેછે.

In the evening સાંજે they come out of their holes તેઓ પોતાના દરમાંથી બહાર આવેછે to feed in the fields ખેતરોમાં ખાવાને સારૂ. They sit તેઓ બેસેછે very close to the ground જમીનપર છેક નજદીક, amongst the grass ઘાસમાં, and you can hardly see અને તમે કદાચજ જોઈ શકો the little gray things તે નાની કાબર ચીત્રી ચીજો (સસલાં).

But if you clap your hands પણ જો તમે તાબડા ફોડો તો, they will all તેઓ સઘળા run off to their holes નહાશીને પોતાના દરમાં જશે, and you may see અને તમે જોશો lots of little white tails સંખ્યા બંધ નહાની સફેદ પુછડીઓ bobbing over the field ખેતર ઉપર હીલતી.

It is a pretty sight ખુશનુમા દેખાવ થઈ પડેછે to see wild rabbits જંગલી સસલાને જોવા running over the fields ખેતરો ઉપર દોડતાં. On the hills તેકડી ઉપર near the sea-shore દરિઆના કિનારાની નજદીક, where Lily lives જ્યાં લિલી રહેછે, there are hundreds and hundreds of them તેઓ સેંકડો બંધ હોયછે.

There is છે quite a large rabbit town there ત્યાં ખરેખર સસલાંનું એક મોટું શેહેર, with its streets and houses તેના મોહોલા અને ઘરો સહીત all under the ground છેક જમીનની અંદર.

Lily must go with me લિલીને મારી સાથે આવવું પડશે some day કોઈ દહાડે and perhaps we shall see અને કદાચ હમે જોઈશું some of the little creatures that live in the rabbit town જે નાના પ્રાણીઓ સસલાના શેહેરમાં રહેછે તેઓમાંના કેટલાકને.

---

## THE TWO GOATS. બે બકરા.

Wild, *a.* (ઉવાઈલ્ડ) ઉજડ, Desert.
Mountain, *n.* (માંઉંતન) પહાડ, પર્વત; A very large hill.
Ledge, *n.* (લેડજ) ખડકની કોર, કટણું; A shelf of a rock.
High cliff, (હાઈ કલીફ) ઊંચી ટેકડી, A high steep rock.
Narrow, *a.* (નૅરો) સાંકડી, Having little width.
Room, *n.* (રૂમ) જગ્યા, Place.

*To pass* each other, એક બીજા આગળથી થઈને જવાને, To go by.

Steep rock, (સ્ટીપરૉક) ઉભો ખડક, Precipitons Rock.

Rose straight above them, ખરેખર તેઓની ઉપર હતો, Was directly above them.

Deep dark chasm, (કૅઝમ) ઊંડો અંધારો ખો, Deep dark cleft.

Lay below, નીચે હતો, Was below.

Laid himself down, પોતે નીચે સુતો, Lay down.

Pressing as close to the rock, પોતાથી બન્યું તેમ ખડક સાથે ડબાઈને.

Stepped over, (સ્તૅપડ ઓવર) ઉપરથી ચાલી ગયો, Walked over. [Slowly.

Gently, *ad.* (જેન્ટલી) હલવે રહીને,

Could bound away, *v.* (બાઉંડ અવે) કુદી શક્યો, Could jump away.

Lightly, *ad.* (લાઈટલી) આસ્તેથી, Gently. [જગ્યા.

Lowly place, (લોલી પ્લેસ) નીચી

Safe and sound, (સેફ઼ ઍંડ સાઉન્ડ) સહી સલામત; કાંઈપણ ઇજા વગર, Unhurt.

Free to spring, (ફ્રી ટુ સ્પ્રીંગ) કુદવાને છુટો Free to leap.

From rock to rock, (ફ્રોમ રૉક ટુ રૉક) એક ખડક ઉપરથી બીજા ઉપર, From one rock to another.

To crop, *inf.* (ટુ ક્રૉપ) ખાવાને, to eat. [place.

Valley, *n.* (વૅલી) ખિણ, A low

Climbed far up, (ક્લાઈમ્બડ ફાર અપ) ઘણે ઊંચે ચઢ્યા, Ascended far up.

Wild rushing stream, (વાઈલ્ડ રશીંગ સ્ટ્રીમ) ઘણા જોસથી વહેતો ઝરો, Wild spring passing vehemently.

Each wished to pass over first, દરેક જણે પહેલાં જવાની મરજી બતાવી.

Would draw back, પાછો હઠશે, Would move back. [કીધો.

Would give way, રસ્તો મોકળો

To push and fight, (ટુ પુશ એંડ ફાઇટ) આચકા ઉચકી અને મારામારી કરવાને, To thrust and combat. [Slid.

Slipped, *v.* (સ્લીપ્ડ) સરીગયા,

Swift flowing stream, (સ્વીફ્ત ફ્લોઇંગ સ્ત્રીમ) જોરશથી વેહેતું. નાળું, Swift rushing spring.

Were lost ગુમ થઈ ગયા; ડુબીમુવા, Were drowned.

To yield, *inf.* (ટુ યીલ્ડ)લઠી જવું, *To* give way.

On a wild mountain એક ઉજડ પહાડ ઉપર two goats બે બકરા met on a ledge ખડકની કોર ઉપર (સામસામા) મળ્યા just over a high cliff ઊંચી તેકડીની બરોબર ઉપર. The ledge was so narrow ખડકની કોર એટલી તો સાંકડી હતી that કે there was neither room for them to pass each other એક બીજા આગળથી થઇને જવાને તેઓને જગા મળે એમ ન હતું nor to turn round and go back અથવા તો પાછા ફરીને પાછું જવાય એમબી નહીં હતું. A steep rock એક ઉભો ખડક rose straight above them બરોબર તેઓની ઉપર હતો a deep dark chasm lay below એક ઊંડો અંધારો બો નિચે હતો. What do you think the two goats did તે બે બકરાએ શું કીધું તે વિશે તમે શું ધારોછો?

One of them તેઓ માહેલો એક with great care ઘણીજ સંભાળથી laid himself down નિચે સુતો on the narrow ledge ખડકની સાંકડી કોર ઉપર pressing as close to the rock as he could જેમ તેનેથી બન્યુ તેમ ખડક સાથે ડબાઇને. Then પછી the other goat બીજો બકરો gently and softly ધીમેથી અને આસ્તેથી stepped over his friend પોતાના દોસ્તદાર ઉપરથી ચાલી ગયો till ત્યાંસુધી, safely past him તેની આગળથી સલામત રીતે પસાર થઇને, he could lightly bound away તે આસ્તેથી કુદીને જઇ શક્યો.

The goat that had lain down જે બકરો સુતો હતો તે, then drew himself up પછી ઉઠયો from his lowly place પોતાની નિચી જગ્યાપરથી free છુટો to spring again from rock to rock ફરીથી એક ખડકેથી બીજે ખડકે કુદવાને and crop the sweet grass on the hill અને તેકડીપરનું મીઠું ઘાસ કરડીને ખાવાને.

Two other goats બીજા બે બકરાએ had left the valley ખીણ, છોડી હતી, and અને climbed far up the mountain પહાડ ઉપર છેક ઉંચે ચઢયા હતા. At length છેલે સરવાળે they met તેઓ મળ્યા on the banks કિનારા ઉપર of a wild rushing stream ઘણા જોરાથી વેહેતાં પાણીના ઝરાના. A tree એક ઝાડ had fallen across the stream તે નાલા ઉપર આડું પડેલું હતું, and formed અને કીધો હતો a bridge એક પુલ *from one side to the other* એક બાજુએથી બીજી બાજુ સુધી. The goats તે બકરાઓએ looked at each other એક બીજા તરફ જોયું, and each wished to pass over first અને દરેકજને પેહેલાં જવા ઇછયું. They stood તેઓ ઉભા રહ્યા for a moment એક પળ સુધી with one foot on the tree તે ઝાડ ઉપર એક પગ મુકીને each thinking that દરેક જણે એવું વિચારીને કે the other would draw back બીજો પાછો હઠશે. But પણ neither of them would give way તેઓમાંના એકુએબી રસ્તો આપ્યો નહીં; and they met at last અને છેલે સરવાલે તેઓ મળ્યા on the middle મધ્ય ભાગ ઉપર of the narrow bridge તે સાંકડા પુલના.

**They તેઓ then પછી began to push and fight with their horns પોતાના સીંગડાંથી આચકા ઉચકી તથા મારામારી કરવા લાગ્યા till જ્યાંસુધી at last છેલે સરવાલે their feet slipped તેઓના પગ સરી**

ગયા and both the goats અને બેઉ બકરા fell પડયા into the swift flowing stream જોસથી વેહેતી નદીમાં and were lost in the waters અને પાણીમાં ડુબી મુવા.

Both might have been saved બેઉ બચ્યા હતે if either of them જો તેઓમાંના એકુએ પણ, had known how to yield at the right time.ઘટતે વખતે કેમ નમી જવું તે જાણ્યું હતે તો.

---

## EARLY RISING. સકારે ઉઠવાની (તેવ)

Get up, ઉઠો, Rise.

Little sister, નાની બેહેન.

To welcome, *inf.* (ટુ વેલકમ) મુબારકબાદી આપવાને, ખુશીથી આવકાર દેવાને, To receive gladly.

Light, *n.* (લાઇટ) સુરજની રોશની, Dawn of the day.

Buds, *n.* (બડઝ) કળીઓ, Unexpanded flowers.

Are opening, *v.* ખીલેછે; ઉઘડેછે, Being unclosed.

Shake, *v.* (શેક) હીલવો, Agitate.

But a branch, એકબી ડાંખલી, Only a twig.

Shower, *n.* (શાઉવર) ઝાપટું, A temporary fall of water.

Are skipping, *v.* (આર સ્કિપીંગ) કુદેછે, Are jumping.

As they please, જેમ તેઓની ખુશી પડે તેમ, As they like.

Rings, *n.* (રીંગઝ) વમળ, કુંડાળાં, પરપોટા, Circles.

I dare say, (ડૅર સે) હું કહેવાને હિંમત કરૂંછું; હું હિંમતથી કહુંછું.

Has been long on the wing, ઘણો વખત થયો ઉડવા માંડયુંછે.

Spring, *n.* (સ્પ્રિંગ) વસંતઋતુ.

Idles, *v.* (આઇડલ્સ) આલસાઈ કરેછે, Spends time idly. [Works.

Labours, *v.* (લેબર્સ) મેહેનત કરેછે,

Insect, *n.* (ઇનસેક્ટ) જીવજંતુ; નાનું જાનવર, A small creeping or flying animal.

Lark, *n.* (લાર્ક) ચંડોળ પક્ષી, A small singing bird.

Is singing gaily, ખુશીથી ગાયછે, Is chanting.

Rejoices, *v.* (રીજોઇસીસ) ખુશી થાયછે, Is very glad.

Lazy, *a.* (લેઝી) આળસુ, Idle.

Sad, *a.* (સૅડ) દલગીર, Sorry.

Day light, *n.* (ડે લાઇટ) સુરજની રોશની; તડકો, Sunshine.

Work, *v.* (વર્ક) કામ કરવું, Labour.

Get up ઉઠ, little sister નાની બેહેન, the morning is bright સહવાર રોસની વાળીછે (એટલે સહવારનું ઉજાસું પડેછે) And the birds અને પક્ષીઓ are all singing સઘળાં ગાયછે to welcome the light રોશનીને મુબારકબાદી આપવાને. The buds (ફુલની) કળીઓ are all opening સઘળી ખીલેછે, the dew is on the flower ફુલપર દવ છે; If you shake but a branch જો તમે એકજી ડાંખલી હીલવો તો, see જુઓ there falls quite a shower એક આખું ઝાપટું છુટી પડેછે.

By the side of their mothers તેઓની માની પાસે, look જુઓ, under the trees ઝાડની તળે, How કેવાં the young lambs મેંઢીના બચ્ચાં are skipping about આસપાસ કુદેછે as they please તેઓની ખુશી પડે તેમ, And by all those rings on the water અને પાણી ઉપરના આ સઘળાં કુંડાળાંઓથી I know મને માલમ પડેછે, The fishes માછલીઓ are merrily swimming below ખુશીથી નિચે તરેછે.

The bee મધમાખે I dare say હું કહેવાને હિંમત કરૂંછું, has been long on the wing લાંબો વખત થયો ઉડવા માડયુંછે, To get honey મધ મેળવવાને from every flower of spring વસંત રૂતુના

દરેક ફુલમાંથી ; For કારણ કે the bee never idles મધમાખ કદીપણ આળસાઈ કરતી નથી but lobours all day પણ આખો દહાડો મેહેનત કરેછે Thinking વિચારીને (wise little insect) (ડાહ્યું નાનું જાનવર) work better than play રમવાના કરતાં કામ કરવું વધારે સારૂં છે.

The Lark is singing gaily ચંડોળ પક્ષી ખુશીથી ગાયછે, it loves the bright sun તે રોશનીવાળા સુરજને ચહાયછે, And rejoices અને ખુશી થાયછે, that now the gay spring has begun કે હવે આનંદકારક વસંતરૂતુ સાહરૂ થઇછે. For the spring is so cheerful કારણ કે વસંતરૂતુ એટલી તો ખુશી ઉપજાવેછે કે I think it would be wrong હું ધારૂંછું કે તે ખોટું થશે If we did not feel happy આપણે ખુશી નહીં થયા તો (થઇએ તો) to hear the lark's song ચંડોળ પક્ષીનું ગાયણ સાંભળવાને.

Get up, ઉઠ, for કારણ કે when જ્યારે all things સઘળી ચીજો are merry and glad ખુશી ભરેલી અને આનંદી છે, Good children (ત્યારે) સારાં છોકરાંઓએ should never be lazy or sad કદીપણ આળસુ અથવા ઉદાસ થવું નહીં જોઇએ For કારણ કે God gives us day light ખોદા આપણને સુરજની રોશની આપેછે, dear sister પ્યારી બેહેન that we તેથી કરીને આપણે May rejoice like the lark ચંડોળ પક્ષીની માફક ખુશી થઇએ and may work like the bee અને મધમાખની માફક કામ કરીએ.

## BEES. મધમાખો.

Look at, *v.* (લુક) જેો, See.
It is off, તે ઉડી ગઇછે, It has flown to.
Is working, (ઇઝ ઉવર્કીંગ) કામ કરેછે, Is labouring.
Again, *ad* (અગેન) ફરીથી, Once more.
Busy, *a.* (બીઝી) ઉદ્યોગી, Employed.
Does not rest, આરામ લેતી નથી, Does not cease from labour.
Minute, *n.* (મીનિટ) પળ, A small portion of time.
A great deal of work, ઘણું કામ, Much work.
To get it done, તે પુરૂં કરવા, to finish.
Garden, *n.* (ગારડન) વાડી; બાગ, Ground enclosed for fruits, herbs, &c.
Straw houses, (સ્ટ્રૉ હાઉસીસ) ઘાસનાં ઘરો.
Windows, *n.* (ઉવિનડોઝ) બારીઓ, Openings for the admission of light and air.
Hives, *n.* (હાઇવ્ઝ) મધમાખીના પુડા, Baskets or houses for bees

Spring, *n.* (સ્પ્રિંગ) વસંતરૂતુ.
Begin to bloom, (બીગિન ટુ બ્લુમ) ખીલવા માંડેછે, Begin to yield blossoms.
Very early, (વેરી અરલી) ઘણું જ સવારે, Very soon.
Gather, *v.* (ગૅધર) એકઠું કરેછે, Collect.
Sweet juice, (સ્વિત જ્યુસ) મીઠો રસ, Sweet sap of vegetables.
Tongue, *n.* (તંગ) જીભ, The fleshy organ in mouth.
Thrusts, *v.* (થ્રસ્ટ્સ) ઘોસેછે, pushes with force.
To suck up, (ટુ સક અપ) ચુસી લેવાને, To draw in with the mouth.
Makes it into honey, તેનું મધ બનાવેછે, Converts it into honey.
Sets out, બહાર નિકળેછે, Starts.
To look for, શોધવાને; ખોળવાને, To search for.
Does not visit, આગળ જતી નથી, Does not go to.

Only the flowers near *at hand*, ફક્ત નજદીકનાજ ફુલો, *Near.*

Shower of rain *comes on*, વરસાદનું ઝાપટું પડેછે, *Falls.*

Loses, *v.* (લુઝીઝ) ભૂલેછે, Misses.

Takes shelter, (ટેકસ શેલ્ટર) સંતાઈ જાયછે; આશરો લેછે, Hides.

Peeps out again, પાછો બહાર નિકળેછે, Begins to appear.

Mounts up, (માઉન્ટસ અપ) ઉંચે ચઢેછે, Ascends.

A kind of golden dust, એક જાતની સોનાની રજ–ધુળ.

Bee-bread, મધમાખની રોટલી, Cerago.

They use it, તેઓ તેને વાપરેછે, They employ it.

As *food*, ખોરાક તરીકે, Victuals.

Wax, *n.* (વૅક્સ) મીણ, Thick substance made by bees.

Little *cells*, (સેલ્સ) નાના નાના ઘર–બાંકાં, *Holes.*

All of the same *shape*, બધાં એકજ આકારનાં, *Form.*

Nicely *fitted* together, સારી રીતે સાથે ગોઠવેલાં, *Fixed.*

*Waxen* cells, મીણનાં બનાવેલાં ઘર, *Of Wax.*

Besides, *pre.* (બીસાઈડ્ઝ) શિવાય, Except.

Snail, *n.* (સ્નેલ) ગોકળ ગાય, A testaceous animal.

Crawled, *v.* (ક્રૉલ્ડ) પેટે ચાલીને આવી, Crept. [Assembled.

Crowded, *v.* (ક્રાઉડેડ) ભેગી થઈ,

Wonder, *n.* (વનડર) અજા-એબી, Amazement.

Could not *make out*, સમજી શક્યાં નહિ, *Discover.*

Lady, *n.* (લેડી) બાઈ. [Shell.

House, *n.* (હાઉસ) કોટલું; ઘર,

Lady with the house on her back, પીઠ ઉપર કોટલાંવાળી બાઈ; ગોકળ ગાય, Snail.

Tried, *v.* (ટ્રાઈડ) કોશિશ કીધી, Endeavoured.

To turn out, બહાર કાઢવાને, To drive out.

Was all *in vain*, સઘળું ફોકટ હતું, *Without any effect.*

They could not *get* her *out* of

the hive, તેઓ તેને મધપુડા-માંથી બહાર કાઢી શક્યાં નહી, *Drive out.*

They *fell upon* another plan, તેઓએ બીજી યુકિત કીધી, *Used, had recourse to.*

Sealed up, પુરી નાખી; બંધ કરી લીધી, Closed.

Shell, *n.* (શેલ) કોટલું; શીપ, The hard covering of anything.

Firmly, *ad.* (ફર્મલી) મજબુત રીતે, Steadily.

Bottom, *n.* (બૉતમ) તળીયું, The lowest part of anything.

Did not trouble any more, વધારે મેહેનત આપી નહીં.

Trouble, *v.* (ત્રબલ) મેહેનત આપવી, Disturb.

Failed, *v.* (ફેલ્ડ) નિષ્ફલ થઈ, Disappointed.

Look at the bee પેલી મધમાખ જો on the flower તે ફુલપર. See જો how it shakes its wings તે પોતાની પાંખ કેવી હાલવેછે and અને works કામ કરેછે with its little feet પોતાના નાના પગથી. Ah આહા, it is off to another flower તે બીજાં ફુલ પર ઉડી ગઇછે. It is working again તે ફરીથી કામ કરેછે.

Now it is off to another હવે તે બીજાં ઉપર ઉડી ગઇછે. How busy it is તે કેવી ઉદ્યોગી છે? It does not rest a minute in one place તે એક જગાપર એક મીનીટબી વિશામો લેતી નથી. It seems to have great deal of work to do તેને ઘણું કામ કરવાનું હોય એવું માલમ પડેછે and to be in haste to get it done અને તે જલદીથી પુરૂ કરવાનું હોય.

Now let us go હવે ચાલો આપણે જઇએ to the other end of the garden બાગના બીજા છેડા તરફ.

Do you see તમે જુઓછો those little straw houses પેલાં ઘાસના નાનાં ઘરો, which have no windows જેને બારીઓ નથી, and only a very small door અને માત્ર એક ઘણું નાનું બારણું છે?

They are the houses એ ઘરો છે in which જેમાં the bees live મધમાખો રહેછે and are called hives અને મધપુડા કહેવાયછે.

A great many bees ઘણી મધમાખો live રહેછે in each hive દરેક મધપુડામાં. See જુઓ how many are going in કેટલી બધી અંદર જાયછે!

When spring comes જ્યારે વસંતરૂતુ આવેછે, and the flowers અને ફુલો begin to bloom ખીલવા માંડેછે, the bees come out of the hives મધમાખો મધપુડામાંથી બાહેર આવેછે very early in the morning સહવારે ઘણે સકારેથી. They fly away તેઓ ઉડેછે, and gather અને એકઠો કરેછે the sweet juice મીઠો રસ out of the flowers ફુલોમાંથી.

The bee મધમાખને has a long tongue લાંબી જીભ હોયછે which જે it thrusts into the flower તે ફુલમાં ખોસેછે to suck up the juice રસ ચુશી લેવાને. Then ત્યાર પછી it carries the juice તે રસ લેઇ જાયછે to the hive મધપુડામાં and makes it into honey અને તેનું મધ બનાવેછે.

When a bee જ્યારે એક મધમાખ sets out બાહેર નિકળેછે in the morning સહવારે to look for honey મધની શોધ કરવાને, it does not visit only the flowers ત્યારે ફુલો આગળ જતી નથી એટલુંજ નહીં, near at hand નજદીકના. It goes તે જાયછે very often ઘણી વખત more than a mile એક માઇલ કરતાં વધારે (દુર) from its hive પોતાના મધપુડાથી but it never loses its way પણ તે કદીબી પોતાનો રસ્તો ભુલતી નથી.

When a shower of rain comes on જ્યારે વરસાદનું ઝાપટું આવેછે, it takes shelter in some little hole ત્યારે તે કોઈ નાના બાંકાંમાં ભરાઈ જાયછે in a wall દેવાલ માહેલા, or perhaps અથવા કદાચ among the leaves of a tree ઝાડના પાંદડાંમાં, or inside a large flower અથવા એક મોટાં ફુલમાં. When the sun peeps out again જ્યારે સુરજ પાછો બાહેર નિકળેછે, it mounts up into the air ત્યારે તે હવામાં ઊંચે જાયછે and flies swiftly home અને જડફથી ઉડીને ઘર આગળ આવેછે.

Bees gather not only honey મધમાખ માત્ર મધ એકઠું કરેછે એટલુંજ નહીં, but also a kind of golden dust પણ એક જાતની સોનાના જેવી ધુળ, from the inside of flowers ફુલોના અંદરના ભાગમાંથી. This dust આ ધુળ they carry home તેઓ ઘર લેઈ જાયછે on their hind legs પોતાના પાછલા પગોપર. They use it તેઓ તે વાપરેછે to make bee-bread મધમાખની રોટલી બનાવવાને in the hive મધપુડામાં as food ખોરાક તરીકે for the young bees નાની મધમાખોના.

This dust આ ધુળને they also use વળી તેઓ વાપરેછે to make wax મીન બનાવવાને; and with the wax અને મીનથી કરીને they build a great many little cells તેઓ ઘણાં નાના નાના ઘર બાંધેછે, all of the same shape સઘળાં એકજ આકારનાં, and all nicely fitted together અને સઘળાં સારી રીતે સાથે ગોઠવેલાં.

They fill તેઓ ભરેછે these cells આ ઘરો with the sweet honey મીઠાં મધથી. The little waxen cells નાનાં મીણનાં ઘર, filled with honey મધથી ભરેલાં are called કહેવાયછે the honey comb મધપુડો.

One day એક દહાડે a snail એક ગોકળગાય crawled પેટે ચાલીને આવી into a bee-hive એક મધપુડામાં. The bees મધમાખો soon crowded

about her જલદીથી તેની આસપાસ ભેગી થઈ in great wonder ઘણી અજાએબીમાં. They could not make out તેઓ સમજી શકી નહીં what the lady with the house on her back could want કોટ નાંખાળી ગોકળગાય બાઈને શું જોઈતું હશે.

As she was very much in the way તે ઘણી આડે આવ્યા કરતી હતી તેથી creeping પેટે ચાલીને along the street of their busy little town તેઓનાં નાનાં ઉદ્યોગી શેહેરના મેહોલામાં, they tried તેઓએ કોશેશ કીધી to turn her out તેને બાહેર કાઢવાની but it was all in vain પણ તે સઘળું ફોકટ ગયું. They could not get her to go out તેઓ તેને બાહેર કાઢી શકી નહીં of the hive મધપુડાની.

At last છેલે સરવાળે they fell upon another plan તેઓએ બીજી યુકતી કીધી. They sealed up તેઓએ પુરી નાખી all the edges બધી કોર of her shell તેણીના કોટળાંની with wax મીનથી and so fixed it firmly to the bottom અને તેને તળીયાં સાથે ઘણીજ મજબુત રીતે ચોંટાડી દીધી of the hive મધપુડાના. The poor snail બાપડી ગોકળગાય could not move ચાલી શકી નહી. She soon died તે જલદીથી મરી ગઈ and did not trouble them any more અને તેઓને વધારેવાર મેહેનત આપી નહીં.

---

## THE BEE. મધમાખ.

Busy, *a.* (બીઝી) ઉદ્યોગી, Industrious.

To watch, *inf.* (ટુ વૉચ) તપાસવાને, To examine.

They linger not. (લીંગર) તેઓ આળશુ રહીને વખત ખોતાંનથી.

Linger, *v.* (લીંગર) ઢીલ કરવી, Remain long; hesitate.

Alive, *a.* ( અલાઈવ ) ચાલાક, Active.

*Attend to* their work, પોતાના કામ ઉપર ધ્યાન આપેછે, *Mind.*

Is shaped, *v.* આકાર કીધેલોછે; આકાર આપેલોછે, Is formed.

Can *mend, v.* સુધારી શકે, *Correct.*

Now in, now out, they *move*, એક વખતે તેઓ અંદર જાયછે બીજે વખતે તેઓ બહાર આવે છે, *Go about.*

All *in true order*, સઘળા એકજ સરખી રીતે, *Regularly.*

A mid-summer heat, ઉનાળાની ગરમીમાં. In hot summer.

While it may, જ્યારે પોતાથી બનેછે ત્યારે.

Tiny, *a.* (તાઈનિ) ઝીણું, Puny.

Tiny drops, ઝીણાં ઝીણાં ટીપાં.

Never stops, કદી થોભતી નથી.

*To waste* its time in play, પોતાનો વખત રમતમાં ગુમાવવાને, To squander.

Hum, *n.* (હમ) ગણગણતો અવાજ, A hissing noise.

Store, *n.* (સ્ટૉર) કોઠાર, A great quantity.

A little more, થોડુંક વધારે.

Adds, *v.* (ઍડઝ) ઉમેરેછે; વધારેછે, Increases.

Should I my heart *apply*, મારે મારૂં દિલ લગાડવું જોઈએ, *Give.*

*To mind* my proper work, મારાં કામ ઉપર બરોબર ધ્યાન આપવાને, *To attend to.*

I should *look for* some sweet, મારે કાંઈ મીઠી ચીજ શોધવી જોઈએ, *Search for.*

I love to see મને જોવા ગમેછે the busy bee ઉદ્યોગી મધમાખ, I love મને ગમેછે to watch the hive મધપુડો તપાસવા, When the sun is hot જ્યારે સુરજનું સખત તડકું પડેછે, they linger not (ત્યારે) તેઓ આળસુ રહીને વખત ખોતાં નથી, It makes them all alive તે તેઓને ચપલ બનાવેછે (સુરજના તડકાંથી કરીને તેઓને કામ કરવાની હુશીઆરી આવેછે.)

God gave them skill, ખોદાએ તેઓને હુશીઆરી બક્ષીછે, and with good will અને ખરાં ઉમંગથી, They to their work attend તેઓ પોતાના કામ ઉપર ધ્યાન આપેછે. Each little cell દરેક નાનાં બાંકાને is shaped so well એવો તો સારો આકાર આપેલોછે That none their work can mend કે કોઈ તેઓના કામને સુધારી શકે નહીં.

Now in, now out, હમણા અંદર તો પછી બહાર, they move about તેઓ આસપાસ ફરેછે, Yet all in true order તોપણ સઘળા એકજ રીતે; Each seems to know both દરેક જણ બેઉ જાણતાં હોય એવું જણાયછે where to go કયાં જવું And what it has to do અને તેને શું કરવું છે તે.

Mid summer's heat ઉનાળાની ગરમીમાં, the honey sweet મીઠું મધ It gathers, તે એકઠું કરેછે while it may જે વખતે તે એકઠું કરી શકેછે, In tiny drops ઝીણાં ઝીણાં ટીપાંમાં and never stops અને કદી થોભતી નથી to waste its time in play પોતાનો વખત રમતમાં ગુમાવવાને.

I hear it come હું તેને આવતી સાંભળુંછું I know its hum હું તેનો ભણભણતો અવાજ ઓળખુંછું, It flies from flower to flower તે એક ફુલપરથી બીજાં ફુલપર ઉડતી ફરેછે, And to its store અને પોતાના કોઠારમાં, a little more થોડુંક વધારે It adds તે ઉમેરેછે each day and hour દરેક દહાડે અને કલાકે.

Just so તેજ રીતે should I my heart apply મારે મારૂં દીલ લગાડવું જોઇએ, My proper work to mind મારા કામ ઉપર બરાબર ધ્યાન આપવાને: Look for some sweet in all I meet જે સઘળું

મને મળે તેમાંથી મારે કાંઈ મોટી ચીજ હોય તે શોધવી જોઈએ.
And store up all I find અને જે સઘળું મને મળે તે એકઠું કરી રાખવું જોઈએ.

## PROVERBS. કહેવતો.

Proverbs, *n.* (પ્રૉવર્બ્સ) કહેવતો, Maxims.

Waste not, want not, ( વેસ્ટ નૉટ, વૉન્ટ નૉટ) કાંઈ ગુમાવતો ના, કે તેની ગરજ પડે નહીં.

Stitch, *n.* (સ્ટિચ) ટાંકો.

A stitch in time saves nine, વખતસર મારેલો એક ટાંકો નવ ટાંકાની ગરજ સારેછે.

## THE SWAN. રાજહંસ.

Tame, *a* (તેમ) પાળેલું Domestic.

Swan, *n.* (સ્વૉન) રાજહંસ.

Streams, *n.* (સ્ટ્રીમ્સ) નાળાં; નહાની નદી, Brooks.

Ponds, *n.* (પૉનડ્ઝ) તળાવો, Small pools of water.

Full-grown, *a.* (ફુલ ગ્રોન) પુખ્ત ઉમરે આવેલું, Big.

It is as white as snow, તે બરફ જેવું સફેદ હોયછે.

Graceful, *a.* (ગ્રેસફુલ) મરોડથી ચાલનારું; છટાદાર, Easy and pretty in motion.

Sails, *v.* (સેલ્સ) ચાલેછે; જાયછે.

Rushes, *n.* (રશીસ) ભીની જગામાં થતા છોડવા, Plants.

Young ones, *n.* બચ્ચાં, Broods.

Run away, *v.* દોડી જાયછે.

They need no school, તેઓને નિશાળે જવાની જરૂર નથી.

They need no teaching, તેઓને કાંઈ શીખવવું પડતું નથી.

Web-feet, *n.* (વેબ ફીટ) ચામડીથી જોડાયલા પગ.

Number, *n.* (નમબર) સંખ્યા.
Chickens, *n.* (ચિકન્સ) પીલાં; મરઘાંનાં બચ્ચાં, Broods.
Sparrows, *n.* (સ્પૅરોઝ) ચલીઓ.
Neck, *n.* (નેક) ગરદન.
By means of it, એની મદદથી; એ વડે, By its aid.
Can reach its food, ખોરાક આગળ પહોંચી શકેછે, Arrive at.
Diving, *p.* (ડાઇવિંગ) ડુબકી મારતાં, Going under water.
Feeds on, (ફીડઝ ઓન) ખાયછે; ગુજારો કરેછે, Eats.
Roots, *n.* (રૂટસ) મૂળીઆં. [રોપા.
Water-plants, *n.* પાણીમાં ઉગતા
Colour, *n.* (કલર) રંગ.

The tame swan પાલેલું રાજહંસ is a very gentle bird ઘણું ગરીબ પક્ષી હોયછે. It likes to swim તેને તરવા ગમેછે on streams and ponds નદીઓ અને તળાવો ઉપર. When it is young જ્યારે તે નાનું હોયછે, it is gray ત્યારે તે કાબરચીતરૂં હોય છે, and not at all pretty bird અને કાંઇજ સુંદર પક્ષી હોતું નથી. But when it is full grown પણ જ્યારે તે મોટું થયલું હોયછે ત્યારે it is as white as snow તે બરફના જેવું સફેદ હોયછે.

Look at the swan in the picture ચીત્રમાનું રાજહંસ જુઓ. See how graceful જુઓ કેવું મરોરદાર it is as it sails along જ્યારે તે (તરતું) આગળ જાયછે ત્યારે તે (દેખાય) છે.

Among the Bushes and high grass ઝાડી અને ઊંચા ઘાસમાં near the water પાણીની નજદીક the swan રાજહંસ builds its nest પોતાનો માળો બાંધેછે. It is made of dry sticks or rushes તે સુકી લાકડી અથવા ભીણી જગામાં થતા રોપાઓનો બનાવેલો હોયછે and is placed on the ground અને જમીન ઉપર મુકવામાં

આવેછે. Here the swan lays its eggs અંહીઆં રાજહંસ પોતાનાં ઈંડાં મુકેછે.

As soon as જેવાં the young ones are hatched નાના બચ્ચાં ઈંડાંમાંથી બાહેર નિકળેછે, away the little creatures run to the water તેવાંજ તે નાના પ્રાણી પાણીમાં દોડી જાયછે. They need no school and no teaching તેઓને નિશાળે જવાની અને શિખવાની ગરજ પડતી નથી, for God has made them so કારણ કે ખોદાએ તેઓને એવી રીતે બનાવ્યાંછે that કે they can swim at once તેઓ એકદમ તરી શકેછે as well બરોબર as the old birds મોટાં (બુઢાં) પક્ષીઓની માફક.

Did you ever see તમે કદી જોયાછે the feet of a swan રાજહંસના પગ? They are made for swimming તેઓ તરવાને સારૂ બનાવેલાછે. All birds સઘળાં પક્ષીઓ that love the water જે પાણીને ચહાયછે and swim in it અને તેની અંદર તરેછે have web-feet (તેઓને) ચામડીથી જોડાયલા પગો હોયછે. Swans have web-feet રાજહંસોને ચામડીથી જોડાયલા પગો હોયછે, and so have ducks અને તેજ પ્રમાણે બતકોને હોયછે and a number of other birds અને બીજાં ઘણાક પક્ષીઓને હોયછે.

They can all swim well તેઓ બધાં સારી રીતે તરી શકેછે but hens and chickens and sparrows પણ મરઘી અને પીલાં અને ચલીઆં can not swim at all બીલકુલ તરી શકતાં નથી, for they have not web-feet કારણ કે તેઓને ચામડીથી જોડાયલા પગો હોતા નથી like the swan and the duck રાજહંસ અને બતકની માફક.

The swan has a long neck રાજહંસને લાંબી ગરદન હોયછે and by means of it અને તેથી કરીને it can reach its food તે પોતાના ખોરાક આગળ પોહોંચી શકેછે without diving ડુબકી માર્યા વગર as ducks do બતકો કરેછે તેમ. The swan feeds on રાજહંસ ખાયછે seeds, leaves and roots of water plants, બીઆં, પાંદડાં, અને પાણીમાં ઉગતા રોપાના મુળ્યાં.

---

## TELL THE TRUTH. સાચું બોલો.

Axe, *n.* (અૅકસ) કોહાળી, An instrument used to chop wood.

*To play* with, રમવાને, To amuse.

George was greatly pleased with it, તેથી જ્યૉર્જ ઘણોજ ખુશી થયો, George liked it much.

Took it with him to the garden, તે સાથે લઇને બાગમાં ગયો.

Roamed, *v.* (રોમ્ડ) ભટકયો; ફર્યો, Wandered.

Trying, *p.* (ટ્રાઈંગ) અજમાવી જોતો હતો, Attempting.

That came in his way, જે કાંઈ તેને મળતું હતું; જે કાંઈ તેના હાથમાં આવતું હતું.

Cherry tree, *n.* (ચેરી ટ્રી) ચેરી નામનું ઝાડ.

Made deep *cuts*, ઊંડા ઘા કીધા, Wounds made with a tool.

Was greatly *prized* ઘણુંજ કીમતી ગણાતું હતું, Esteemed.

Forgot, *v.* (ફરગૉત) ભુલી ગયો, Neglected.

By and by, રફતે રફતે, Gradually.

Sorry, *a.* (સૉરી) દલગીર, Sad.

Ruined, *p.* (રૂઇન્ડ) નાશ પામેલું, Destroyed.[કરડી રીતે, Harshly.

Sternly, *ad.* (સ્તર્ન્લી) ગુસ્સાથી;

Did lay the blame, બતતો મુકયો.

With tears in his eyes, આંખમાં આંસુ લાવીને.

*Noble* boy! કેવા મોટા મનને છોકરો, *Generous.*

Was not afraid, બીધો નહીં.

Are *tempted*, *v.* (આર ટેમ્પટેડ) લલચાયછે, *Enticed.*

What is *not the truth*, જે કાંઈ સાચું નથી તે; જાુઠું, *Lie.*

Happens, *v.* (હૅપન્સ) બનેછે, Occurs. [At any cost.

Come what may, ગમે તે થાય, Cost it what it will, ગમે તે થાય(તોપણ), Come what it will.

Does the wrong thing still, તેથીપણ વધારે ખોટું કરેછે.

The boy of this story, જે છોકરા વિશે આ વાત કહેવામાં આવેછે તે, The boy mentioned in the story. [હતો, Was.

Became, *v.* (બીકેમ) થઈ ગયો

George Washington, *n.* (જ્યૉર્જ વૉશીંગટન) માણસનું નામ છે.

There was once a little boy એક વખતે એક નાનો છોકરો હતો whose name was George જેનું નામ જ્યૉર્જ હતું, and his father one day અને તેના બાપે એક દહાડે gave him તેને આપી a small axe એક નાની કોદાળી to play with રમવાને.

George was greatly pleased with it જ્યૉર્જને તે ઘણી ગમી હતી, and took it with him in the garden અને તે પોતાની સાથે લેઇને બાગમાં ગયો. He roamed about તે આસપાસ ભટક્યો trying it upon nearly everything that came in his way જે કાંઈ તેને મળતું તેની ઉપર તે અજમાવી જોતો.

At last છેલે સરવાળે he came to a young cherry tree તે એક નાનાં ચેરી ઝાડ આગળ આવ્યો and began to try the axe on it અને તેની ઉપર તે કોદાળી અજમાવા લાગ્યો. He soon made તેણે તરત

કીધા some deep cuts કેટલાક ઊંડા ઘા in the tree તે ઝાડમાં. And then he walked away અને ત્યાર પછી તે ચાલી ગયો to another part of the garden બાગના બીજા ભાગમાં.

This cherry tree આ ચેરી ઝાડને was greatly prized by his father તેનો બાપ ઘણું કીમતી ગણતો હતો; but George forgot all about that, પણ તે વિશે જીઆૅર્જ સઘળું ભુલી ગયો.

By and by રફ્તે રફ્તે his father came તેનો બાપ આવ્યો to that part of the garden બાગના તે ભાગમાં where the tree stood જ્યાં તે ઝાડ હતું. He was very sorry તે ઘણો દલગીર થયો when he found his fine cherry tree જ્યારે તેણે પોતાનું સુંદર ચેરી ઝાડ જોયું almost ruined તદન નાસ પામેલું.

George જીઆૅર્જ said he sternly to his son પોતાના છોકરાને કરડી રીતે તેણે કહ્યું who has done this? આ કોણે કીધું?

Did George answer, I dont know? શું જીઑર્જે જવાબ દીધો, હું જાણતો નથી? O no અરે નહી, Did he lay blame on any one else? શું તેને કોઈ બીજાંપર બતતો મુકયો? O no અરે નહીં.

With tears in his eyes આંખમાં આંસુ લાવીને he looked up to his father's face તેણે પોતાના બાપના મોં સામું જોયું. Father બાપા said he તેને કહ્યું. I cannot tell a lie હું જુઠું બોલી શકતો નથી. I did it એ મેં કીધું.

Noble boy! (કેવાં) મોટાં મનનો છોકરો. He was not afraid તે બીનો નહી, to tell the truth; સાચું બોલવાને; and his father અને તેના બાપે at once forgave him, તેને એકદમ માફ કીધું.

Boys are often tempted છોકરાઓ વારંવાર લલચાયછે to speak what is not the truth જે કાંઈ સાચું નહી હોય તે બોલવાને. When that happens જ્યારે એમ બનેછે ત્યારે let each one think of George જ્યૉર્જ વિષે દરેક જનને વિચારવા દેજો and try like him to say "I cannot tell a lie," અને હું જુઠું બોલી શકતો નથી એમ તેની માફક કેહવાની કોશેશ કરવા દેજો. Come what may ગમે તે થાય તોપણ boys છોકરાઓ speak the truth સાચું બોલજો.

Speak the truth સાચું બોલજો and speak it ever અને હમેશા તે બોલજો, Cost it what it will ગમે તેટલું નુકશાન થાય તોપણ.

He who hides the wrong he did જે કાંઈપણ ખોટું કીધું હોય તે જે કોઈ છુપાવેછે તે Does the wrong thing still તેથીપણ વધારે ખોટું કરેછે.

The boy of this story આ વાતમાં આવેલો છોકરો became one of the greatest men that ever lived જે મોટા પુરૂષો થઈ ગયા તેઓ માહેલો એક હતો. He was George Washington તે જ્યૉર્જ વોશીંગટન હતો.

---

## PROVERBS. કહેવતો.

Proverbs, કહેવતો, Sayings.

Better to slip with the foot than with the tongue, જીભ સરકે તેના કરતાં પગ સરકે તે વધારે સારૂં છે; જીભ આડી જાય તેના કરતાં પગ આડો જાય તે વધારે સારૂંછે.

He is *wise* who speaks little, જે થોડું બોલેછે તે ડાહ્યો માણસ છે. *Prudent.*

As the tree is, such is the fruit, જેવાં ઝાડ તેવાં ફળ હોયછે.

---

## WELCOME LITTLE ROBIN. ભલે આવ્યો નાનો રૉબીન.

Welcome, *a.* (વેલકમ) ભલે આવો, You are welcome, we receive you with gladness.
Window, *n.* (વિનડો) બારી, An opening in the wall of a building.
Very *gently*, ધણીજ ધીમેથી, [Slowly.
Came *hopping*, (હૉપિંગ) નાચતો નાચતો આવ્યો, Leaping.
Crumbs, *n.* (ક્રંબ્સ) રોટલીના ટુકડા, small pieces of bread.
Warm weather, *n.* (વૉર્મ વેધર) ગરમ રૂતુ, ઉનાળો, Summer. [રંગનું, રાતું; Red.
Scarlet, *a.* (સ્કારલેત) કિરમજી
Breast, *n.* (બ્રેસ્ટ) છાતી, Chest.
Carpet, *n.* (કારપેટ) ગાલીચો.
Picking up, (પિકિંગ અપ) ઉચકી લેતાં, Lifting up.
Orphans, *n.* (ઑરફન્સ) માબાપ વગરનાં છોકરાં, Children bereft of their father or mother or both.

Wood, *n.* (વુડ) જંગલ, Forest.
Still, *a.* (સ્ટિલ) મુવેલાં, Dead.
Strew, *v.* (સ્ટ્રો) વિખેરીને નાખ્યાં, Spread.
Whether, *ad.* (વેધર) અથવા નહી; કે; અગર; Which of two alternatives expressed by a sentence.
Free, *ad.* (ફ્રી) વગર ધાસ્તીએ; છુતથી, Without fear.
Gift, *n.* (ગિફ્ત) બખશેસ, Boon.
Speech, *n.* (સ્પીચ) વાચા, બોલવાની શક્તિ. Utterance.
Blessings, *n.* (બ્લેસીંગઝ) આશીર્વાદ, Benedictions.
Will be richly given, સારી રીતે મળશે, Will be fully bestowed
Father, *n.* (ફાધર) ઈશ્વર; જગબાપા, God.
Heaven, *n.* (હેવન) બેહેશત; સ્વર્ગ, Paradise.
During what time, કીએ વખતે. In which time.

એક થંડા શીઆળાના દહાડામાં એક ગરીબ નાનો રૉબિન પક્ષી એક વખત એક બારી આગળ આવ્યો જે કેટલાંક છોકરાંઓએ તેને જોયો, તેઓએ આસ્તેથી બારી ઉઘાડી અને તે રૉબિન પક્ષી કુદતો કુદતો ઓરડામાં આવ્યો. છોકરાંઓએ તેને રોટલીના નાના કકડા ખવડાવ્યા, અને પછી પાછો ઉડી જવા દીધો. તે પોતાના નાના દોસ્તો આગળ શીઆળામાં કેટલીક વખત પાછો આવતો હતો, પણ જ્યારે ગરમ રૂતુ બેસતી હતી ત્યારે તે જંગલોમાં ઉડી જતો હતો.

ભલે આવ રાતી છાતીવાળા નાના રૉબિન! આ શીઆળાની રૂતુમાં તારા માળામાં થંડી હશે. જ્યારે રૉબિન ગાલીચા ઉપર કુદતો કુદતો આવીને રોટલીના નાના કકડા ઊંચકી લેછે, ત્યારે તે જાણેછે કે છોક-રાંઓ તેને ચહાયછે.

જંગલમાં ઊંઘતાં માબાપ વગરના નાના છોકરાંઓ સાથે તેં એક વખત ઘણી ભલાઇ કીધી હતી રૉબિન શું તે વાત ખરી છે? તેઓને તેં ફીકાં, થંડા, અને સુવેલાં પડેલાં જોયાં હતાં, અને તેઓ પર તારી નાની ચાંચે તેં પાંદડાં પાથરીને નાંખ્યાં હતાં, (રૉબિન, શું એ વાત ખરી છે.)

રૉબિન (એ) ખરૂં હોય કે નહીં હોય, (તોબી) આવી છુટથી અંદર ચાલી આવીને હમો છોકરાંઓ પર તું કેવો વિશ્વાસ રાખેછે એ જોવાથી હમો ખુશી છિએ. જ્યારે રૉબિન ગાલીચા પર કુદતો કુદતો આવીને રોટલીના નાના કકડા ઊંચકી લેછે ત્યારે તે જાણેછે કે છોકરાંઓ તેને ચહાયછે.

અને જો કે નાના રૉબિનને વાચ્યાની બક્ષેશ નથી કીધી તોબી, તે છોકરાંઓને ધડો શીખવી શકશે;—

તે એ કે હમેશાં વિશ્વાસ રાખવો કે, જ્યારે તેઓ પોતાના પીતાને સ્વર્ગમાં રોટલીને સારૂ અરજ કરશે ત્યારે તે (ચીજ) પુષ્કળ મળશે.

---

## THE WOLF. વરૂ.

Wolf, *n.* (ઉલ્ફ) **વરૂ,** Wild beast of the dog tribe.

Fiercest, *a.* (ફિઅરસેસ્ત) સૌથી ઝનુની, Most furious.

Beasts, *n.* (બીસ્ત્સ) હેવાન, Animals.

Beasts of prey, શીકારી જાનવર.

Prey, *n.* (પ્રે) શિકાર, That which is seized; booty.

Animal, *n.* (ઍનિમળ) પ્રાણી; જનાવર, Creature.

*Is* a little *like* a dog, થોડું કુતરાને મળતું આવેછે, Resembles.

Fox, *n.* (ફૉક્સ) કોલું, Jackal.

Den, *n.* (ડેન) કોતર Cave.

Forest, *n.* (ફૉરેસ્ત) જંગલ, Wood.

Hares, *n.* (હેર્સ) સસલાં, Small animals with long ears.

Search, *n.* (સર્ચ) શોધ.

Packs, Bands, *n.* (પૅક્સ, બૅન્ડસ) ટોળાં, Multitudes.

*Hunt* in large packs of bands, ટોળાંથઇને શિકારે જાયછે, Chase.

Pressed by hunger, ભુખ લાગવાને લીધે, On account of hunger. [Daring.

Become *bold*, હીંમતવાન થાયછે,

Will enter, *v.* દાખલ થશે, Will go into.

Villages, *n.* (વિલિજીસ) ગામડાં, Collections of houses less than a town.

Will attack, *v.* (ઉિવલ ઍતૅક) હુમલો કરશે, Will fall upon.

In the *depth* of winter, ભર શિયાળામાં, The coldest part.

Howl, *n.* (હાઉલ) પોકાર; બુમ, Cry.

The Stillness, *n.* (સ્તિલનેસ) શાંત વખત, Calmness.

People, *n.* (પીપલ) લોકો, Nation, the commonality.

*Have had* a visit, મુલાકાત થઈ હતી, Have paid.
Russian noble, (રશિઅન નોબલ) રૂશિઆ દેશનો ઉમરાવ, A Russian of high Rank.
Were *chased* by a pack of wolves, વરૂઓ પુઠે લાગાં હતા, Pursued. [બેસીને જતાં.
Driving, *p.* (ડ્રાઈવિંગ) હાંકતાં;
Sledge, *n.* (સ્લૅડજ) વગર પૈડાંની ગાડી. [Pulled.
Drawn, *p.* (ડ્રૉન) ખેંચતા હતા,
Of being *torn to pieces*, ચીરઈને કકડે કકડા થઈ જવાની, Shattered to pieces.
Had to leave, મુકી જવાને—છોડી જવાની ફરજ પડી હતી.
To occupy, *inf.* (ટુ ઑકયુપાઇ) રોકવાને, Engage.
Got out of their *reach*, તેઓની ચુંગાલમાંથી બચી ગયાં, Grasp. [વખત, Still.
The *quiet* night, રાતનો શાંત

સઘળાં શિકારી જાનવરોમાં વરૂ એ સૌથી ઝનુની જાનવર છે. તે કુતરાની જાતનું જાનવર છે, અને તે થોડું કુતરાને અને થોડું કોલાંને મળતું આવેછે. માણુસના રહેઠાણથી ઘણે દુર જંગલમાં તેનું કોતર હોયછે. અહીંઆં ઉનાળામાં, તે પક્ષીઓ, સસલાં, અને બીજાં નાના જાનવરો ખાઇને પોતાનું ગુજરાન કરેછે.

પણ શીઆળામાં, વરૂઓ વારંવાર જંગલ છોડીને ખોરાક શોધવા જાયછે. તેઓ તે વખતે મોટાં તોળાં અથવા તોલકીઓ થઈને શિકારે જાયછે, અને જ્યારે ભૂખ લાગેછે ત્યારે તેઓ ઘણા ઝનુની અને હીંમતવાન થાયછે. તેઓ ગામડાંમાંબી દાખલ થશે, અને મેઢાંના બચ્ચાં, ઘેટાં, ગાય અને ઘોડા ઉપર હુમલો કરશે.

ભર શીઆળામાં જ્યારે જમીન ઉપર બરફ હોયછે, ત્યારે રાતના શાંત વખતે એક જંગલી ચોસ વારંવાર સંભળાયછે. અને સહવારે

એક ગાય અથવા ઘોડાના ઓવાઈ જવાથી ગામડાના લોકોને માલમ પડેછે કે જંગલમાંનું જંગલી વરૂ (ગામમાં) આવ્યું હતું.

એક વખત એક રશીઆ દેશનો ઉમરાવ અને તેની ધણીઆની ચાર ઘોડાથી ખેંચાતી એક પૈડાં વગરની ગાડીમાં બેસીને જતાં હતાં ત્યારે તેઓની પુંઠે એક વરૂઓનું ટોલું લાગું હતું.

તેઓ ચારાઈને કકડે કકડા થઈ જવાની ઘણી ધાસતીમા હતાં. તેઓ જ્યાં સુધી તે વરૂઓની ચુંગાળમાંથી બચી ગયાં ત્યાં સુધી તેઓને રોકી રાખવાને પેહેલાં તેઓના ઘોડામાંનો એક અને પછી બીજો ઘોડો (તેઓની આગળ) છોડીને જવાની તેઓને ફરજ પડી હતી.

---

## THE ECHO. પ્રતિશબ્દ.

Shouted, *v.* (શાઉટેડ) બુમ પાડી; બોલ્યો, Cried.

Echo, *n.* (એકો) પ્રતિશબ્દ, Reverberation.

Reply, *n.* (રીપ્લાઈ) પાછો જવાબ, Answer.

Asked in *surprise*, અજાયેબીથી પૂછ્યું, Wonder.

Henry, *n.* (હેનરી) હેનરિ.

Foolish fellow, મૂર્ખ છોકરો, Silly person.

At the top of his voice, ઘણોજ મોટેથી, Very loudly.

Called out, (કૉલ્ડ આઉટ) બોલ્યો, Spoke.

Ugly names, (અગલી નેમ્ઝ) ખરાબ શબ્દો, એબલગામના નામો, Abusive words.

Nothing, *n.* (નથિંગ) કંઈજ નહીં.

But, *pre.* (બટ) સિવાય Except.

Lips *n.* (લિપ્સ) હોથો, Outer parts of the mouth.

*You would have had* kind words in return, તેના બદલામાં તમો માયા ભરેલા બોલો સાંભળતે, You would have heard.

જે વખતે નાનો હેનરિ જંગલની નજદીક ખેતરમાં રમતો હતો, તે વખતે તે મોટેથી બોલ્યો "કુદ, કુદ, કુદ!"

(તેના) જવાબમાં "કુદ, કુદ, કુદ!" ફરીને પાછો પડઘો સંભળાયો.

હેનરિએ અજાએબ થઇને પુછયું "ત્યાં કોણ છે?" કારણ કે તેણે આગાઉ કદી પડઘો સાંભળ્યો હતો નહીં.

"ત્યાં કોણ છે?" ફરીને પાછો પડઘો થયો.

હેનરિ ઘણોજ મોટેથી બોલ્યો "મુર્ખ માણસ!"

"મુર્ખ માણસ!" ફરીને જંગલમાંથી પાછો અવાજ સંભળાયો.

એથી હેનરિ ઘણોજ ગુસ્સે થયો, અને ઘણા ખરાબ શબ્દો બોલ્યો. જંગલમાંથી તે દરેક શબ્દનો અવાજ પાછો સંભળાયો.

હવે, જ્યારે હેનરિ જંગલમાંથી કોણ બોલતું હતું તે જોઇ નહી શક્યો, ત્યારે તે ઘેર દોડી ગયો અને પોતાના બાપને કહ્યું કે એક છોકરો કે જે જંગલમાં ભરાઇ બેઠો હતો તેણે મને ગાળો દીધી.

તેના બાપે કહ્યું "અહા હેનરિ! તેં તારા પોતાના શબ્દોના પડઘા સિવાય બીજું કાંઇ સાંભળ્યું નથી. જો તેં માયાળુ અને નરમ શબ્દો વાપર્યા હતે તો તું તેને બદલે (પાછા) માયાળુ અને નરમ શબ્દો સાંભળતે. માયાળુ શબ્દો પાછા માયાળુ પડઘા સંભળાવેછે."

---

## GOOD NIGHT & GOOD MORNING.
## રાતની અને સહવારની સલામ.

Good night, (ગુડ નાઇટ) રાતની સલામ, Night Salutation.

Good morning, (ગુડ મૉરનિંગ) સહવારની સલામ, Morning salutation.

Sewing, *part.* (સોઇંગ) સીવતી,

Uniting together with a needle and thread.

As long as her eyes could see, જ્યાં વેર તેને દેખાયું ત્યાં વેર.

Smoothed, *v.* (સ્મુદ્દડ) સાફ કીધું, Made smooth or plain.

Work. *n.* (વર્ક) (સીવવાનું) કામ, Business of sewing.

Folded, *v.* (ફોલ્ડેડ) ઘડી વાળી, *Doubled* and inserted one part in another.

Right, *ad.* (રાઇટ) બરોબર રીતે.

Rooks, *n.* (રુક્સ) કાગડા, Crows.

Watched *v.* (વૉટ્ચ્ડ) તપાસીને જોયું, Inspected.

Curious, *a.* (ક્યુરીઅસ) અજાયબ જેવી, Strange. [Soaring.

Flight, *n.* (ફ્લાઇટ) ઉડવું તે,

Black things, *n* (બ્લૅક થિંગ્ઝ) કાળી ચીજો (કાગડા), Crows.

Neighed, *a.* (નેડ) ખોંખાર્યો, Cried.

Oxen, *n.* (ઑક્સન) બળદો, Plural of ox.

Lowed, *n.* (લોડ) બરાડયા, Bellowed.

Bleat *n.* (બ્લીટ) મેં મેં કરતો અવાજ, Cry of a sheep.

Delight, *n* (ડીલાઇટ) ખુશી, Joy.

Ball of light, રોશનીનો ગોળો, A Globe of light.

*He had to keep God's time,* ખોદાના (મુકરર કીધેલા) વખત પ્રમાણે એને ચાલવાનું હતું, He had to serve God's time.

All over the world, આખી દુનીઆમાં, In all parts of the world. [slumber.

Could sleep, ઊંઘાઇ શક્યો, Could

Pink, *a.* (પિન્ક) ગુલાબી રંગનો, રાતો, Light-red.

Fox glove, *n.* (ફૉક્સ ગ્લવ) એક જાતનો રોપો, A wild plant with the flower shaped like the fingers of a glove.

*Bent* his head, નમી ગયું; પોતાનું સર નમાવ્યું, Hung down.

Violets, *n.* (વાયોલેટસ) બનફ્સાનાં ફુલ, Delicate blue flowers.

Bowed, *v.* (બાઉડ) ઝુલાઇ પડયાં, Bent down.

Went to bed, સુવાને ગયા, Went to sleep. [*Bound up.*
*Tied up* her hair, અમોરો બાંધ્યો,
Favourite, *a.* ( ફેવરિત ) સૌથી પ્યારી, Best loved.
Prayer, *n.* ( પ્રેઅર ) બંદગી, A solemn address to God.
On her knees, ગુંઠણ મંડીયે.

Said her favourite prayer, તેને પોતાને ગમતી બંદગી કીધી.
Pillow, *n.* (પિલો) તકીઓ, Cushion.
Beautiful *a.* (બીઉટિફુલ) સુંદર, Fair, handsome.
Is begun, શરૂ થયુછે, Is commenced.

એક નાની સુંદર છોડીએ જ્યાં સુધી તેણીને દેખાયું હતું ત્યાં સુધી ઝાડ તળે બેસીને સીવ્યા કીધું હતું; પછી પોતાનું સીવવાનું સાફ કરીને તેની બરોબર ઘડીવાળી હતી, અને કહ્યું "પ્યારાં સીવવાના કામ, (તુંને) રાતની સલામ, રાતની સલામ!"

કૉ, કૉ, બોલતા કાગડાઓની આવી મોટી સંખ્યા સુવા જતી વખતે તેણીના માથા પરથી થઈને ગઈ હતી; અને તેણીએ તેઓનું અગાઓ જેવું ઊંદવું તપાસીને જોયું હતું ત્યારે તે બોલી હતી, "નાની કાલી ચીજો (તમુને) રાતની સલામ, રાતની સલામ."

ઘોડાઓ બંધાયાં હતા અને બલદો બરાડ્યા હતા; મેંઢાંઓનો "બેં બેં કરતો અવાજ" રસ્તા ઉપર આવતો હતો, "ભલી નાની છોડી (તુને) રાતની સલામ, રાતની સલામ," એમ સઘળાં મુંગી રીતે ખુશીથી કહેતાં હોય તેમ જણાતાં હતાં.

જો કે તેણીએ સુરજને શેરાનીના ગોળાની માફક ત્યાં જોયો હતો તોબી તેણીએ તેને "રાતની સલામ" કીધી નહીં હતી! કારણ કે તે

જાણતી હતી કે તેને દુનીઆના સઘળા ભાગ ઉપર ઓદાના (મુકરર કીધેલા) વખત પ્રમાણે ચાલવાનું હતું.

ઊંચા ગુલાબી રંગના ફૉક્સગ્લવ નામના રોપાએ પોતાનું સર નમાવ્યું હતું, બનફસાના ફુલો નમી જઈને સુવાને ગયાં હતાં; અને ભલી નાની લુસિએ પોતાના વાળનો અંબોડો બાંધ્યો હતો, અને પોતાની સૌથી પ્યારી બંદગી ગુંઠણ મંડયે બેસીને કીધી હતી.

અને જ્યારે તે પોતાના તકીઆ ઉપર નિરાંતે સુઈ ગઈ હતી ત્યારે જ્યાં સુધી પાછો દહાડો ઉગ્યો ત્યાં સુધી તેણીએ કાંઈ વધારે જાણ્યું નહીં! અને સઘળી ચીજે સુંદર સુરજને કહ્યું "સહવારની સલામ, સહવારની સલામ! અમારૂં કામ શાહરૂ થયુંછે."

---

## STORY OF A PARROT. એક પોપટની વાર્તા.

Story, *n.* (સ્ટોરી) વાર્તા, A Petty tale.

Parrot, *n.* (પૅરટ) પોપટ, A talking bird.

Had been *taught*, શિખવ્યો હતો, Instructed.

There is no *doubt* about it, તેમાં કાંઈ શક નથી; દરીન ચેશક, Suspicion.

These words were all it could learn, જે સઘળું તે શિખી શક્યો તે આએજ બોલો હતા.

Whistling a tune, મહોડેની સીસોડીમાં રાગ ગાતી વખતે.

Master, *n.* (માસ્ટર) ધણી, Owner.

Market, *n.* (માર્કેટ) બજાર, Bazar.

High price, મોટી કીંમત, Cost, value.

Are thou worth twenty pounds? તું વિસ પાંઊંડની કીંમતને લાયક છે? Is thy value twenty pounds?

Pound, *n.* (પાંઉંડ) દશ રૂપીઆ, A sovereign of 20 shillings.
Carried, *v.* (કૅરિડ) લઈ ગયો, Conveyed.
Some time after, થોડા વખત પછી
Was *sorry*, દલગીર થયો, Sad.

Bargain, *n.* (બારગેન) સારૂં, What he had given so much for.
Standing beside, પાસે ઉભો રહીને.
*To throw* so much money *away*, આટલા બધા પૈસા ફોકટ ગુમાવવાને, To spend in vain.
Was right, ખરો હતો.

એક ગરીબ માણુસ પાસે એક પોપટ હતો. તે પોપટને "એમાં કાંઈ શક નથી" એ બોલો બોલતાં શિખવેલો હતો. જે સઘળું તે શિખી શકયો તે આએજ બોલો હતા. તે આખો દહાડો સાસોડીમાં રાગ ગાતો અથવા "એમાં કાંઈ શક નથી" એ બોલો બોલતો સંભળાતો હતો.

પોપટ પૉલ દરેક સવાલનો "એમાં કાંઈ શક નથી" એનોએજ જવાબ હમેશાં આપતો હતો.

એક દહાડે તેનો ધણી તેને બજારમાં વેચવા લઈ ગયો. તે બોલ્યો, "મારો પોપટ કોણ ખરીદશે?" "મારા પોપટના બસો રૂપિઆ (પડશે.)"

જે મોટી કીંમત મંગાઈ હતી તે સાંભળીને એક માણુસ તે પોપટ તરફ ફર્યો અને કહ્યું, "પૉલ તું બસો રૂપિઆની કીંમતને લાયક છે?"

"એમાં કાંઈ શક નથી" એ પૉલનો જવાબ હતો. તે માણુસ એટલો તો ખુશી થઇ ગયો કે તેણે તે પક્ષી ખરીદ કીધું અને તેને ઘેર લઈ ગયો.

થોડા વખત પછી તેણે આટલું બધું આપ્યું તેને સારૂં તે દલગીર

થયો હતો. તે તે પોપટનાં પાંજરા આગળ ઉભો રહીને બોલ્યો, હું કેવો મૂર્ખ હતો કે આટલા બધા પૈસા ફોકટ ગુમાવી દીધા.

તે પક્ષી બોલ્યું, "એમાં કાંઈ શક નથી" અને આ વખતે તે પોપટ ખરો હતો.

---

## LITTLE THINGS. નાની ચીજો.

Moments, *n.* (મોમેન્ટસ) પળો, the smallest portions of time.

Thoughts, *n.* (થૉટસ) વિચારો, Reflections, ideas.

Water-drops, *n.* (ઉવૉટર ડ્રૉપ્સ) પાણીનાં ટીપાં, Globules of water.

Drop, ટીપું, The quantity of fluid which falls in one small spherical mass.

Brook, *n.* (બ્રુક) નાળું, Rivulet.

Deeds, *n.* (ડીડઝ) કામો, Acts, Exploits.

Faith, *n.* (ફેથ) વિશ્વાસ, Trust.

Link, *v.* (લિન્ક) જોડી નાખેછે, Unite.

Heaven, *n.* (હેવન) આસમાન, Sky.

નાનાં પળોનો એક કલાક થાયછે, નાના વિચારોની એક ચોપડી બનેછે, નાનાં બીનું એક ઝાડ અથવા ફુલ થાયછે; પાણીના ટીપાનું એક નાળું બનેછે; વિશ્વાસ અને પ્યારના નાનાં કામો ઉપરના આકાશને જમીન સાથે જોડી નાખેછે.

---

# THE CAT AND THE CANARY.

## બીલાડી અને કૅનેરી પક્ષી.

Here is, અહીંઆ છે.

Canary, *n.* (કૅનેરી) એક જાતનું પક્ષી, A bird from the Canary Isles.

Was seized, *v.* (વૉઝ સીઝડ) પકડવામાં આવ્યું હતું, Was caught.

Cruel, *a.* (ક્રુઅલ) ઘાટકી, Unmerciful.

At all, (ઍટ ઑલ) મુદ્દલ; તદન

Tame, *a.* (ટેમ) પાળેલું, Domestic.

Would fly, *v.* ઉડતું હતું.

Room, *n.* (રૂમ) ઓરડો, An apartment in a house.

Would *perch*, *v.* (પર્ચ) બેસતું હતું, Sit, roost.

Finger, *n.* (ફિંગર) આંગળું, One of the extreme parts of the hand.

Hung, *v.* (હંગ) ટાંગેલું હતું, Was suspended.

Danger, *n.* (ડેન્જર) ધાસતી, ભય, Fear of harm.

When quite a little *kitten*, (કિટન) જ્યારથી તે છેક નાહનું બચ્ચું હતું ત્યારથી, A young cat.

Kitchen, *n.* (કિચ્ચન) રાંધણી, A cook-room, A room used for cookery.

Shoulder, *n.* (શોલ્ડર) ખભું; ખાંધ, A joint of the body.

Terror, *n.* (ટેરર) ધાસ્તી, બીક, Alarm.

Safety, *n.* (સેફ્ટી) સલામતી, Exemption from hurt.

Cause, *n.* (કૉઝ) કારણ, Reason.

Strange, *a.* (સ્ટ્રેન્જ) અજાયબ જેવી, Unusual, wonderful.

Conduct, *n.* (કૉન્ડક્ટ) ચાલચલણ, Act, behaviour.

Had seized, *v.* (હૅડ સીઝડ) પકડ્યું હતું, Caught hold of.

No sooner, (નો સૂનર) જેવુંજ, તરતજ, As soon as.

Was driven out, હાંકી કાઢવામાં

જાવી હતી, Was forced to go away.
[અચંબી, Wonder.
Surprise, *n.* (સરપ્રાઈઝ) અજા-
Stranger, *n.* (સ્ટ્રેન્જર) પારકી (બિલાડી.) One unknown.
Flew, *v.* (ફ્લીઉ) ઉડીને ગયું.

Let go, જવા દીધું, Allowed to go.
Mistress, *n.* (મિસ્ટ્રેસ) બાઈ, The female head of a family.
Unhurt, *a.* (અનહર્ટ) સહિસલામત; ઈજા વગર, Uninjured.

અહીંઆ એક બીલાડી પોતાના મહોડામાં એક ગરીબ નાના પક્ષીને લઈને (ઉભેલી દેખાય) છે. કદાચ તમે ધારો કે એક ચલી કે જે રોટલીના થોડા કકડા ઉચકી લેવાને રસ્તાપર નિચે ઊડી હતી અને આ ઘાટકી બીલાડીથી પકડાઇ હતી તે છે.

તમારી ભુલ છે. આ બીલાડી તે નાના પક્ષીની સહી છે, અને તે પક્ષી બિલકુલ ચલ્લી નથી પણ એક સુંદર કૅનેરી પક્ષી છે.

આવો અને હું તમને આ ચીત્રની વાત કહીશ.

એક સ્ત્રી પાસે એટલુંતો હળી ગયલું એક કૅનેરી પક્ષી હતું કે તે ઓરડાની આસપાસ ઉડતું, તેણીની ખુરશીપર બેસતું તેણીના આંગલાંપર કુદતું, અને તેણીના હાથમાંથી રોટલીના નાના કકડા ખાતું હતું.

તે સ્ત્રી પાસે વળી એક બીલાડી હતી કે જે જે ઓરડામાં તે પક્ષીનું પીંજરૂં તાંગ્યું હતું તે ઓરડામાં વારંવાર આવતી હતી. પણ તે પક્ષીને તેનેથી ઇજા થવાની ધાસ્તી નહીં હતી. તે બીલાડીને જ્યારથી તે એક બીલાડીનું નાનું બચ્ચું હતું ત્યારથીજ તે પક્ષીપર માયા રાખવાને શિખવેલું હતું; અને તે બેઉજન વચે સારી દોસ્તી હતી.

એક દહાડે તે સ્ત્રી રાંધણીમાં ગઇ હતી. તેનું પક્ષી તેની ખાંધઉપર (બેઠેલું) હતું, અને તે બીલાડી તેણીની પછવાડે દોડતી આવી.

તે કૅનેરી પક્ષી જમીન પરથી રોટલીનો એક કકડો ઉંચકી લેવાને તે સ્ત્રીની ખાંધપરથી ઉડીને નીચે આવ્યું.

જ્યારે એક પળમાં તે બીલાડીએ તે પક્ષીને પોતાનાં મોહોડામાં પકડયું અને તેને લેઇને રાંધણીની તેબલ ઉપર કુંદી ગઈ ત્યારે તે સ્ત્રીને કેવી અજાએબી ઉપજી !

તે સ્ત્રી પેહેલાં પોતાના પક્ષીની સલામતીને સારૂં ફીકરમાં હતી; પણ તેણીએ તરતજ પોતાની બીલાડીની અજાએબ જેવી ચાલનું કારણ જોયું.

બીજી બીલાડી રાંધણીના બારણા આગળ હતી, અને તેણીની પોતાની બીલાડીએ તે પક્ષીને ઇજા થવાની ધાસ્તીમાંથી બચાવાને પકડયું હતું.

જેવી તે પારકી બીલાડીને ઘરમાંથી હાંકી કાઢી કે તરતજ તે સ્ત્રીની બીલાડીએ તે કૅનેરી પક્ષીને છોડી દીધું અને તે પોતાની શેઠાણી આગળ સહી સલામત ઊડી ગયું.

---

## THE WASP AND THE BEE. ભમરો અને મધમાખ.

Wasp, *n.* (ઉવૉસ્પ) ભમરો, A brisk stinging insect.

*Was buzzing* by, (બઝિંગ) પાસેથી ગણગણ કરતી જતી હતી, Was humming.

Little *cousin*, (કઝિન) નહાની પિત્રાઈ બેન, A collateral relation.

Shines, *v.* (શાઇન્સ) પ્રકાશેછે, Glitters.

Elegant, *a.* ( એલીગંટ ) સુંદર, ખુબસુરત, Well made.

To behold, *inf.* ( ટૂ બીહોલ્ડ) જોવાને, To look at.

No body *likes* me, કોઈ મહને ચ્હાતું નથી, Loves.

I am told, મને કહેવામાં આવેછે.

Mischief, *n.* (મિસ્ચીફ) મસ્તી, નુકસાની, બુરાઈ, Naughty work, evil. [Really.

Indeed, *ad.* (ઈનડીડ) ખરેખર,

Delicate, *a.* (ડેલીકેટ) નાજુક, Thin, fine. [Acknowledge.

Own, *v.* (ઓન) કબુલ કરેછે,

Handsome, *a.* (હૅન્ડસમ) ખુબસુરત; સારા દેખાવનું, Good Looking.

To put up with, ખમવું, To bear.

Sting, *n.* (સ્ટિંગ) ડંખ; ચટકો, A sharp pointed weapon of an insect.

Coat, *n.* (કોટ) ચામડી, External covering.

Homely, *a.* ( હોમ્લી ) સાદી, Simple, plain.

Plain, *a.* (પ્લેન) સાદી, Common.

Harmless, *a.* (હાર્મલેસ) નિર્દોષ, Innocent. [Busy.

Diligent, *a.* (ડિલિજન્ટ) ઉદ્યોગી,

Beware, *v.* (બીવૅર) સાવધ રહેવું, Take warning.

Ill-natured, *a.* (ઈલ નેચર્ડ) ખરાબ સ્વભાવના, Bad-tempered.

Fair, *a.* (ફૅર) સુંદર, Pretty.

એક મધમાખ જે પાસેથી ગણ ગણ કરતી જતી હતી, તેને એક ભમરો મળ્યો, અને તેણે કહ્યું નાની પિત્રાઈ બેહેન મારા કરતાં તુંને લોકો વધારે શા માટે ચહાયછે તેનું કારણ કહી શકશે?

"મારી પીઠ સોનાના જેવી પીળી અને ચળકતીછે, અને મારો ઘાટભી જોવામાં ઘણોજ સુદર છે, અને તોભી તેને સારૂં મહને કોઈ ચહાતુ નથી એવું મેં સાંભળ્યુંછે."

તે મધમાખે કહ્યું "મારે પિત્રાઈ ભાઈ એ બધું ખરૂં છે; પણ જો હું તારા કરતાંબી અર્ધી નુકશાની કરતી હોઉં તો ખરેખર તેઓ મને તારા કરતાં વધારે ચહાય નહીં."

"તારો ઘાટ સુંદર છે અને તારી પાંખ નાજુક છે; અને તેઓ કબુલ કરેછે કે તું ખુબસુરત છે, પણ તે છતાંબી એક ચીજ છે કે જે તેઓ ખમી શકતાં નથી—અને તે તારો ડંખ છે."

જે પ્રમાણે તું જોય છે તે પ્રમાણે મહારી ચામડી તદન સાદી અને ભપકા વગરની છે અને તોબી કોઈ કદી મારી ઉપર ગુસ્સે થતું નથી—કારણકે હું નિર્દોષ અને ઉદયોગી મધમાખી છું."

આ નાની વાત ઉપરથી લોકોએ સાવધ રહેવું જોઇએ; કારણકે, જો ભમરાની માફક તેઓ ખરાબ સ્વભાવના હોયતો તેઓ ગમે તેવાંબી ખુબસુરત હોય તે છતાંબી તેઓને કોઈ કદી ચહાશે નહીં.

---

## THE HORSE. ઘોડો.

Horse, *n.* (હૉર્સ) ઘોડો, A neighing quadruped.

Noble, *a.* (નોબળ) ભલું. ઘણું સારૂં, Excellent, Generous.

Useful, *a.* (યુસ્ફુલ) કામનું, Serviceable.

Is willing to work, કામ કરવાને [રાજી, Likes.

Is not *made*, પેદા કીધો નથી, Created.

To destory, *inf.* (ટૂ ડીસ્ટ્રૉય) મારી નાખવાને, To kill.

To hurt, *inf.* (ટૂ હર્ત) નુકસાન કરવાને, To injure.

Never *takes the life of*, કદી જીવ લેતો નથી, Kills.

Hay, *n.* (હે) સુકું ઘાસ, Dried grass.

Cannot *defend*, બચાવ કરી શકતો નથી, Protect.

Fearful, *a.* (ફીઅરફુલ) ત્રાસદાયક, Horrible.

Tales, *n.* (ટેલ્સ) વાર્તા, Stories.

Races, *n.* (રેસીસ) સરતો, Running for saving the life.

Hungry, *a.* (હંગ્રી) ભુખ્યું, Feeling appetite.

To know, *inf.* (ટુ નો) ઓળખવાને, To recognize.

Soldier, *n.* (સોલ્જર) સિપાઇ, A warrior.

Favorite, *a.* (ફેવરીટ) માનીતો; પ્યારો; વ્હાલો, Much liked.

Happy, *a.* (હૅપી) સુખી, Blest.

Full of spirit, જોરાવાળો; જીવવાળો; દમવાળો.

Battle, *n.* (બૅટલ) લડાઇ, Fight, engagement.

Body, *n.* (બૉડી) શરીર, લાશ, Corpse.

Faithful, *a.* (ફેથફુલ) નિમકહલાલ, True to his master.

The animal was still standing beside it, તે જનાવર તેની પાસે શાંત ઉભો હતો.

During that long time, આટલો બધો લાંબો વખત સુધી.

Was *driving away*, હાંકી મુકતો હતો, Scaring away.

Birds of prey, શિકાર ઉપર જીવનારા પક્ષિઓ Birds who seize small birds to devour them.

ઘોડો ઘણું સારું અને કામનું જાનવર છે. તે ગરીબ અને કામ કરવાને રાજીછે. તેને (કોઇને) મારી નાંખવાને અથવા નુકશાન કરવાને નહીં પણ માણસને ઉપયોગી થવાને (પેદા) કીધોછે. પોતાના ખોરાકને સારું તે કદી કોઇ બીજાં જનાવરનો જીવ લેતો નથી પણ લીલું ઘાસ, સુકું ઘાસ અને અનાજ ખાઇને પોતાનો ગુજરો કરેછે.

તમોએ જોયુંછે કે તે જનુની વરૂઓની સામે પોતાનો બચાવ કરી શકતો નથી. તે દોડી શકેછે, પણ વરૂબી દોડી શકેછે; અને ઘોડા, અને ભુખ્યા વરૂની વચે પોતાની જીંદગી બચાવાની સરતોની ઘણી ભયંકાર વાતો કહેવાયલીછે.

ઘોડો પોતાના ધણીને ચહાયછે, અને જલદીથી તેને ઓળખવાને શિખેછે. એક સિપાઈ વિશે એક વાત કહેવાયલીછે કે જેની પાસે એક તેનો માનીતો ઘોડો હતો કે જે જ્યારે તેનો ધણી તેની પીઠ ઉપર હોય ત્યારે જેવો સુખી દેખાતો હતો તેવો કદી (બીજી વખત) દેખાતો હતો નહીં. ત્યારે તેનામાં નવો જીવ આવતો હતો અને જોશ ભરેલો દેખાતો હતો.

છેલે સારવાલે એક ખુનરેજી ભરેલી લડાઈમાં તે સિપાઈ માર્યો ગયો અને તેના ઘોડા ઉપરથી પડયો. જ્યારે થોડા દહાડા પછી તેની લાસ મળી આવી હતી ત્યારે તે નિમકહલાલ જાનવર તેની આગળ શાંત ઉભોરહ્યો.

તે લાંબા વખતમાં પોતાના ધણીની લાસ છોડીને કદી ગયો નહીં હતો. ખોરાક અથવા પાણી વગર તે તેની ઉપર ઉભો રહ્યો હતો, અને શિકારી પક્ષીઓને હાંકી કાઢતો હતો. શું તે એક ઉદાર દીલનું જાનવર નહીં હતું?

---

## THE DOG WITH THE LANTERN.

## ફાનસવાળો કુતરો.

Lantern, *n.* (લૅન્ટર્ન) ફાનસ, A case for a light.

*Is seeking* for his master, પોતાના ધણીને શોધેછે, Is searching.

Carlo, *n.* (કારલો) કુતરાનું પાડેલું નામ.

Had been taught, શિખવેલો હતો, Had been trained.

To be useful, ઉપયોગી થવાને, To be helpful.

Person, *n.* (પરસન) સખસ, A human being.

Light, *n.* (લાઈટ) બતી; દીવો, Lamp.

Steadily, *ad.* (સ્ટેડીલી) બરોબર રીતે, Properly, firmly.

Trotted, *v.* (ટ્રૉટેડ) ઝડપથી ચાલી જતો હતો, Walked fast.

Kept near at hand, નજદીક રહેતો હતો.

Might *guide*, *v.* (માઈટ ગાઈડ) રસ્તો દેખાડે, *Lead.*

Steps, *n.* (સ્ટેપ્સ) પગલાં, Paces.

Rut, *n.* (રટ) ઘરેડ; ઘરેડનો ચીલો; ખાડો પડેલો હોય તે, The track of a wheel.

As much as to say, એટલું કહેવાને, એ પ્રમાણે કહેવાને.

Used to be sent, મોકલવામાં આવતો હતો.

Go for master.(તારા)ધણીને બોલાવા જા, Go to call your master.

Would scratch, *v.* (વુડ સ્ક્રૅચ) નખોરીયાં વતે ખોખવતો હતો.

Would bark, *v.* (વુડ બાર્ક) ભસતો હતો, Would bay.

Would growl, *v.* (વુડ ગ્રાઉલ) ઘુરકતો હતો, Would snarl.

As if he meant to say, જાણે કે એમ કહેતો હોય.

Somewhere else, કોઈ બીજે ઠેકાણે, At some other place.

*Set off* together, for home, ઘેર જવાને સારૂં સાથે નિકલ્યા, *Started.*

અહીંઆ એક કુતરો પોતાના મહોડામાં એક ફાનસ લઈને (ઉભેલો દેખાય) છે. તે પોતાના ધણીને શોધેછે.

કારલો, કે જે તે કુતરાનું નામ હતું, તેને ઉપયોગી થવાને શિખવેલો હતો. જે જગાપર તેનો ધણી રહેતો હતો ત્યાંના રસ્તાઓ વારંવાર એટલા તો ખરાબ હતા કે અંધારી રાતે કોઈબી પુરૂષને બતીવગર બાહેર જવું સલામતી ભરેલું નહીં હતું.

તેટલા સારૂં કારલોના ધણીએ રાતના પોતાને સારૂં એક ફાનસ લ-
ઈ જવાને તેને શિખવ્યું હતું; અને તે (કામ) જેવી બરોબર રીતે કોઈબી
છોકરો કરે તેવી બરોબર રીતે તે કરતો હતો.

કારલો કદી ઝડપથી આગળ ચાલી જતો હતો નહીં, પણ નજદીકજ
રહેતો હતો કે તે ફાનસની ચળકતી રોશની પોતાના ધણીનાં પગલાંને
રસ્તો બતાવે.

રસ્તાનો કોઈ ભાગ કે જ્યાં એક ઊંડી ઘરેડ અથવા ખાડો હોય
ત્યાં તે જ્યારે આવતો હતો ત્યારે "સંભાળજો અહીંઆં એક ખાડો છે"
એમ કહેવાને તે પોતાના ધણીની આગળ ફરતો હતો.

તે કુતરાનો ધણી શેહેરથી એક મૈલને તફાવતે રહેતો હતો; અને
જ્યારે તે અંધારૂ થાય તેની અગાઉ ઘેર આવી શકતો નહીં હતો ત્યારે
કારલોને ફાનસ સાથે મોકલવામાં આવતો હતો.

"આવ કારલો ધણીને તેડવા જા" એ હોકમ હતો; અને તે કદી
બે વખત બોલવો નહીં પડતો હતો. કારલો જે રસ્તો તેનો ધણી લેતો
તે જે પ્રમાણે બરોબર રીતે જાણતો હતો તેજ પ્રમાણે ક્યાં જવું તે
તે જાણતો હતો.

પણ કારલોને તેનો ધણી હમેસાં એકદમ મળી શકતો હતો નહીં.
જ્યારે તે શેહેરમાં પુગતો હતો ત્યારે તે દોડતો એક ઘેર આગળ જતો
હતો કે જ્યાં તેનો ધણી વારંવાર (મળતો) હતો તે તે જાણતો હતો.
હજીસુધી ફાણસ પકડીને તે મોહોલા આગળનું બારણું નખરીયાં વતે
ઓખવતો હતો અને ભસતો હતો; એવું કહેવાને કે ધણી હું અહીંઆ
આવ્યોછું, ફાનસબી લાવ્યોછું; તમે ઘેર આવવાને તૈયાર છો?

કદાચ કોઈ બારણા આગળ આવતું અને કહેતું કે "કારલો તારો ધણી અહીંઆ નથી." કારલો ધુરતો હતો જાણેકે એમ કહેવાને કે ત્યારે તે કોઈ બીજે ઠેકાણે હશે અને મારે તેને શોધવો પડશે.

પછી જ્યાંસુધી તેનો ધણી મળતો નહીં હતો ત્યાંસુધી તે એક ઘેરથી બીજે ઘેર દોડીને જતો હતો, પછી તે બેઉજણ સાથે ઘેર જવા નિકળતા હતા.

---

## TRUTH. સચ્ચાઈ.

Truth, *n.* (ત્રુથ) સચ્ચાઈ; સત્યતા.

Learns to hate a lie જુઠાંને ધિક્કારવા શિખેછે. [Despises.

Scorns, *v.* (સ્કૉર્નસ) ધીક્કારેછે,

To feign, *inf.* (ટૂ ફેન) યોજી કાઢવાને, To invent.

False reply, ખોટો જવાબ, Wrong answer.

To cover, *inf.* (ટૂ કવર) છુપાવવાને, To hide.

Faults, *n.* (ફૉલ્ટસ) ગુનાહ; વાંક, Slight crimes, defects.

Errors, *n.* (અૅરર્સ) ભુલચુક, Mistakes.

Forgiveness, *n.* (ફરગીવનેસ) માફી, Pardon.

Hath *won*, *v.* (હૅથ વન) મેળવ્યાંછે, *Obtained.*

Truth, *n.* (ત્રુથ) સાચું બોલનારો.

Falsehood, *n.* (ફૉલ્સહૂડ) જુઠું બોલનારો, A liar.

Coward, *a.* (કાવર્ડ) હિચકારો, Timid.

Knave, *n.* (નેવ) ઠગ, A scoundrel.

Vainly tries, ફોકટ કોશિસ કરેછે. Endeavours in vain.

*To screen* his faults, પોતાનાં ગુનાહ છુપાવવાને, To hide.

By lying words, જુઠા બોલોથી.

Base, *a.* (બેઝ) નીચ, Vile.

Mean, *a.* (મીન) હલકો, Low.

જે છોકરૂં જુઠાંને ધિક્કારવા શિખેછે, અને એક ખોટા જવાબ ચોજી કાઢવાને (અને) ગુનાહ અથવા કીધેલી ભુલ ચુક છુપાવવાને ધિક્કારેછે તે પ્યાર અને માફી એ બેઉ મેળવેછે.

કારણ કે સાચું બોલનારો માયાળુ અને બહાદુર એ બેઉ છે, પણ જુઠું બોલનારો હીચકારો ઠગ છે, કે જે ઘણાજ હલકા અને નીચ જુઠા બોલોથી પોતાનો ગુનાહ છુપાવવાની ફોકટ કોશેશ કરેછે.

---

## USEFUL KNOWLEDGE. ઉપયોગી જ્ઞાન.

### ANIMALS. જનાવરો.

The sheep, *n.* (શીપ) મેંઢો.

Knowledge, *n.* (નૉલેડજ) જ્ઞાન, Learning.

Wool, *n.* (ઉલ) ઉન.

Fleece, *n.* (ફ્લીસ) મેંઢાનું કાતરી લીધેલું ઉન, Wool from one sheep.

Flannel, *n.* (ફ્લૅનેલ) ઉનનું કપડું, Soft, nappy stuff of wool.

Blankets, *n.* (બ્લૅન્કેટ્સ) ધાબળીઓ, Woollen covers.

Carpets, *n.* (કારપેટ્સ) સેત્રંજી; ગાલીચા, Coverings for floor or tables.

Gloves, *n.* (ગ્લવ્ઝ) હાથનાં મોજાં, Covers for the hands.

Socks, *n.* (સૉક્સ) પગનાં મોજાં, Short stockings.

Besides wool, ઉન વતરોગે.

Skin, *n.* (સ્કિન) ચામડી, Hide.

Hide, *n.* (હાઈડ) ઉતારી લીધેલું ચામડું, Skin of an animal.

Leather, *n.* (લેધર) સાફ કીધેલું ચામડું, Dressed hide.

Cheese, *n.* (ચીઝ) પનીર, Food made from milk curds.

Straps, *n.* (સ્ટ્રૅપ્સ) પટા, long narrow thongs of leather.

Belts, *n.* (બેલ્ટસ) પટા, Girdles.
Saddles, *n.* (સૅડલ્સ) જીનો, Seats to put on horses' backs.
Harness, *n.* (હારનીસ) હારનીસ; ઘોડાનો સામાન, Furniture for horses.
Tanner, *n*, (ટૅનર) ચમાર, One who tans hides for leather.
Currier, *n.* (કરીઅર) ચામડાં બનાવનાર, A dresser of tanned leather.
Shoe-maker, *n.* (શુ મેકર) મોચી.
Mutton, *n.* (મટન) મેંઢાનું ગોસ.
Lamb, *n.* (લૅબ) મેંઢાના બચ્ચાનું ગોસ, Flesh of young sheep.
Flock, *n.* (ફ્લૉક) ટોળું, Pack.
Shepherd, *n.* (શેફર્ડ) ભરવાડ, One who tends sheep.
Cow, *n.* (કાઉ) ગાય.
Cream, *n.* (ક્રીમ) મલાઈ, The oily best part of milk.
Butter, *n.* (બટર) માખણ, An unctuous food made from cream.
Deals in, *v.* (ડીલ્સ) વેચેછે, Sells.
Dairy, *n.* (ડેરી) દુધ, દહી, બનાવવાની જગ્યા, A place where milk is made into food.
Milk-man, *n.* (મિલ્કમૅન) દુધવાળો, One who sells milk.
Milk-maid, *n.* (મિલ્કમેડ) દુધવાળી, She who sells milk.
Dairy-man, *n.* (ડેરીમૅન) દુધવાળો.
Meat, *n.* (મીટ) માસ, Flesh.
Combs, *n.* (કોમ્બ્ઝ) નીખીઆ; કાંસકી, Instruments for hair.
Dairy-maid, *n.* (ડેરીમેડ) દુધવાળી, Milk-woman.
Spoons, *n.* (સ્પુન્ઝ) ચમચા, Vessels used in eating liquids.
Knife-handles, *n.* (નાઈફ હૅન્ડલ્સ) છરીના દસ્તા—હાથા.
Bugle-horn, *n.* (બ્યુગલ હૉર્ન) રણશીંગડું, A brazen musical instrument.
Musical instrument, વાજીંત્ર.
Beef, *n.* (બીફ) ગાયનું ગોસ.
Calf, *n.* (કાફ) વાછરડી.
Veal, *n.* (વીલ) વાછરડાનું ગોસ.

Butcher, *n.* (બુચર) કસાઈ, ખાટકી, One who kills animals to sell.

Carts, *n.* (કાર્ટ્સ) ગાડાં, Waggons.

Ploughs, *n.* (પ્લાઉઝ) હળો, Instruments of husbandry.

Chiefly, *ad.* (ચીફ્‌લિ) મુખ્ય કરીને, Principally.

Carriages, *n.* (કૅરેજીસ) ગાડીઓ.

Chains, *n.* (ચેન્સ) સાંકળો.

Bridle, *n.* (બ્રાઇડલ) લગામ.

Rein, *n.* (રેન) લગામ.

Bar, *n.* (બાર) સળીઓ.

Bit, *n.* (બિટ) લગામનુ ચોકડું.

Foal, *n.* (ફોલ) વછેરો, A young horse.

Pony, *n.* (પોની) ટટુ, A small [horse.

Mattresses, *n.* (મૅટ્રેસીસ) ગાદીઓ, Quilted beds.

Mare, *n.* (મૅર) ઘોડી, The female [of a horse.

Other, *a.* (અધર) બીજા.

Swine, *n.* (સ્વાઇન) ડુક્કર.

Fowls, *n.* (ફાઉલ્સ) મરઘાં, Hens.

Geese, *n.* (ગીઝ) હંસો, Wildswans.

Pork, *n.* (પૉર્ક) ડુક્કરનું તાજુ ગોસ.

Bacon & ham, *n.* (બેકન ઍન્ડ હૅમ) મીઠામાં આંઠીને સુકવેલું ડુક્કરનું ગોસ.

Stiff, *a.* (સ્ટિફ) ઘટ, Inflexible.

Feathers, n. (ફેધર્સ) પીછાં.

Bristles, *n.* (બ્રિસ્તલ્ઝ) જાડા બાલના બ્રસ, Brushes of stiff [hairs.

Threads, *n.* (થ્રેડ્ઝ) દોરા.

Spun, *p.* (સ્પન) કાંટેલા.

Worm, *n.* (ઉવર્મ) કીડા.

Leaves, *n.* (લીવ્ઝ) પાનાં, Double [pages.

Whale, *n.* (હ્વેલ) મગરમચ્છ.

Glue, *n.* (ગ્લુ) સરસ, A thick viscous cement.

Candles, *n.* (કૅન્ડલ્સ) મીણબતી, lights made of wax or fat.

Tallow, *n.* (ટૅલો) ચરબી, Fat.

Soap, *n.* (સોપ) સાબુ, An alkaline substance used in washing.

મેંઢો—મેંઢો આપણને શું આપેછે? ઉન. એક મેંઢાના સઘળાં ઉનને શું કહેછે? ફ્લીસ (કાતરેલી ઉન). આપણે ઉનનું શું કર્યે છીએ? ઉનનું કપડું, બાબળીઓ, ગાલીચા, દગલા, હાથ અને પગના ગરમ મો-

જાં અને બીજી ઘણી ઉપ્યોગી ચીજો. ઉન ઉપરાંત આપણે મેંઢા-
માંથી (બીજું) શું મેળવ્યેછીએ? આપણે તેની ચામડીમાંથી સાફ કી-
ધેલું ચામડું બનાવ્યે છીએ; આપણે તેના માંસને ખોરાક તરીકે વાપ-
ડીએ છીએ. આપણે ચામડાંનું શું બનાવ્યે છીએ? આપણે જુતા,
જોડા, પટા ને ગોલપટા, જીનો ને ઘોડાનો સામાન, ચોપડીના પુઠાં, અને
બીજી ઘણી ચીજો. જનાવરની ચામડીનું ચામડું બનાવેછે તેની અ-
ગાઉ તેને શું કહેછે? હાઈડ (ઉતારી લીધેલું ચામડું). ઉતારી લીધેલા
ચામડાનું (લીસુ) ચામડું કોણ બનાવેછે? ચમાર. ચામડાને નરમ કોણ
કરેછે અને તેને કોણ રંગે છે? ચામડા બનાવનાર. ચામડાંના જોડા
કોણ બનાવેછે? મોચી. મેંઢાના ગોસને શું કહેછે? મટન. અને
મેંઢાના બચાના (ગોસ) ને શું કહેછે? લેમ્બ. મેંઢાં શું ખાયછે? ઘાસ.
સાથે જતાં મેંઢાંની એક મોટી શંખ્યાને તમે શું કહોછો? ટોળું. અને
જે માણસ તેઓની સંભાળ રાખેછે તેને શું કહોછે? ભરવાડ.

ગાય—ગાય પાસેથી આપણે શું મેળવ્યે છીએ? દુધ અને મલાઈ.
અને દુધનું શું બનેછે? માખણ અને પનીર; અને પુડીંગ અને કેક
બનાવવાને સારૂં આપણે તે વાપડીએ છીએ. જે માણસ દુધ વેચેછે
તેને તમે શું કહોછો? દુધવાલો અથવા દુધ વેચનારો. અને બૈરાને?
દુધવાળી અથવા દુધ વેચનારી. અને જે જગ્યાપર તે રાખવામાં
આવેછે તે જગ્યાને? દેરી (દુધ દહી રાખવાની જગ્યા). બીજું શું આ-
પણને ગાય પાસેથી મળેછે? ચામડું, શીંગડું અને માંસ. શીંગડાનું
આપણે શું બનાવ્યે છીએ? નીબીઆ, ચમચા, છરીના હાથા, બટન,
અને પીવાના પ્યાલાં. રણસીંગડું એ શું છે? એક પીતલનું બનાવેલું વાજીંત્ર.
તેને શીગડું શા સારૂં કહેછે? કારણ કે પેહેલાં એ જાતનાં વાજીંત્રો જા-
નવરના સીંગડાં હતાં. ગાય અથવા બળદના માસને શું કહેછે? બીફ

(ગાયનું ગોસ). નાની ગાયને શું કહેછે? વાછરડી. વાછરડીનાં ગોસને શું કહેછે? વીલ. જે માણસ ગોસ વેચેછે તેને શું કહેછે? ખાતકી. કેટલાક દેશમાં બલદ શા ઉપ્યોગમાં આવેછે? ગાડાં અને હળો ખેંચવાને.

**ઘોડો**—મુખ્ય કરીને આપણે ઘોડાને શા સારૂં વાપરીએ છીએ? આપણને લેઇજવાને અને ગાડાં અને ગાડી ખેંચવાને. ગાડાં અથવા ગાડી સાથે ઘોડાને શાથી બાંધવામાં આવેછે? ચામડાના પટા અને લોઢાંની સાંકળથી. ઘોડા ઉપરના પટા અને સાંકળ એ સઘળાંને શું કહેછે? તેનું હારનીસ (ઘોડાનો સામાન). ઘોડાની પીઠ ઉપરની બેઠકને શું કહેછે? એક જીન. અને તેને હાંકવાના પટાને? લગામ અથવા રેન. અને લગામની સાથે જોડેલા તેના મોમાંના સળીઆને? લગામનું ચોકડું. ઘોડાના બચ્ચાંને શું કહેછે? વછેરો. અને નાના ઘોડાને? ટટ્ટુ. આપણે ઘોડાનો બીજો શું ઉપ્યોગ કરીએ છીએ? આપણે તેની ચામડીનું ચામડું બનાવ્યે છીએ, અને તેની પુંછડીના લાંબા બાલની ગાદીઓ અને બાલનું કપડું બનાવ્યે છીએ. આપણે તેનું માંસ ખાઇએ છીએ? નહી, પણ કેટલાંક દેશમાં તેનું માંસ ખવાયછે, અને ખોરાક તરીકે ઘોડીનું દુધ વપરાયછે.

**બીજાં જનાવરો**—મેંઢાં અને ગાય ઉપરાંત ખોરાકને સારૂં બીજા કયાં જનાવરો વપરાયછે? ડુકકર, મરઘાં, બતકાં, તરકીઓ, સસલા અને સસલાં. ડુકકરના ગોસને શું કહેછે? જ્યારે તે તાજું હોયછે, ત્યારે પૉર્ક; અને જ્યારે મીઠામાં આઠીને સુકવેલું હોયછે, ત્યારે બેકન અને હૅમ. ડુકકરમાંથી આપણને બીજું શું મળેછે? ચામડું અને ધટ બાલ કે જેના બ્રશો બનેછે જેને "બ્રિસ્ટલ" કરીને કહેછે. સરસ શાનો બનેછે? જનાવરની ચામડી અને ખરીના ભાગોનો. જ્યારે મરઘાં જીવતાં

હોયછે ત્યારે ખોરાક તરીકે આપણને શું આપેછે? ઈંડાં. અને જ્યારે તેઓ મરી જાયછે ત્યારે આપણને તેઓમાંથી શું મળેછે? બીછાણાં અને તકીઆ બનાવવાને પીંછાં. રેશમનો પોશાક શાનો બનેલોછે? એક નાના કીડાએ કાંટેલા દોરાઓનો. રૂવાં એ શું છે? જનાવરોની બાલવાલી ચામડી. પોકેટ બુકના પાના વારંવાર શામાંથી બનાવેછે? ઘવેડાની ચામડીના ભાગમાંથી. કિવલની કલમ એ શું છે? હંસની પાંખમાંથી કાઢેલું પીછું. આપણે વ્હેલબોન (મગરમછના મોમાંનું હાડકું) ક્યાંથી મેળવ્યેછીએ? મગરમછના મોમાંથી. મગરમછમાંથી આપણે બીજું શું મેળવ્યેછીએ? દીવાને સારૂં તેલ. મીણબતીઓ શાની બનેલીછે? જનાવરની ચરબ અથવા ચરબીની. આપણે ચરબી અને તેલમાંથી શું બનાવ્યેછીએ? સાબુ. સૌથી સરસ મીણબતીઓ શાની બનેછે? મધમાખીએ બનાવેલાં મીણની. મધમાખીઓ પાસેથી આપણને બીજું શું મળેછે! મધ.

---

## THE CAMEL.

Camel, *n.* (કૅમલ) ઊંટ, A large quadruped common in Arabia.

Parts, *n.* (પાર્ટ્સ) ભાગો, દેશો, Portions.

World, *n.* (ઉવર્લ્ડ) દુનિઆ.[parts.

Tracts, *n.* (ટ્રૅક્ટસ) કકડા Pieces,

Desert, *n.* (ડેઝર્ટ) રણ, રેતીનું મેદાન, A wilderness.

Pleasant, *a.* (પ્લેઝંટ) ખુશનુમા, Delightful

Streams, *n.* (સ્ટ્રીમ્સ) ઝહરા, નાળાં; Rivulets.

*But* sand, રેતી શિવાય, Except.

As far as the eye *can reach*, જ્યાં લગણ નજર પ્હોંચી શકે ત્યાં લગણ Can be extended.

In crossing, (ક્રૉસિંગ) ઓળંગી જતાં, પસાર કરતાં.

Dreary, *a.* (ડ્રીરી) ઉજડ, Gloomy.

Traveller, *n.* (ટ્રૅવેલર) મુસાફર, One who goes journeys.

Enough of food, પુરતો ખોરાક, Sufficient food.

That he *needs*, જેની તેને ગરજ પડેછે, Wants.

To last, *inf.* (ટુ લાસ્ટ) ચાલવાને, નીભવાને, To continue to serve.

Fitted *p.* (ફિટેડ) લાયક કીધેલું.

Sailors, *n.* (સેલર્સ) ખલાસીઓ, Seamen, mariners.

The *ship* of the desert, રણનું વાહાણ, Vessel.

Is being loaded, બોજો લાધવાનો હોયછે, Burdened.

Kneels, *v.* (નીલ્સ) ગુંઠણ મડીએ બેસેછે, Rests on the bended knees.

March, *n.* (માર્ચ) કુચ, A walk.

Is over, (ઇઝ ઓવર) પુરી થાયછે. Is at an end.

To have its load taken off, પોતાનો બોજો ઉતરાવવાને.

Starts, *v.* (સ્ટાર્ટસ) નિકળેછે, Sets out.

Enough of water, પુરતું પાણી.

Wonder, *n.* (વંડર) અજાએબી, Surprise.

Arab, *n.* (ઍરબ) અર્બસ્તાનનો રહેવાસી, A native of Arabia.

In its *praise*, તેની વખાણનેમાટે, Commendation.

But the camel is all these in one, પણ ઊંટ એખલું એ બધા (જ- નાવરના) જેટલું કામ કરેછે.

Supplies, *v.* (સપ્લાઇઝ) પુરૂ પાડેછે, Furnishes.

Dead, *p.* (ડેડ) મુવેલું.

Flesh *n.* (ફ્લેશ) માંસ; ગોસ.

Its hair is made into cloth, તેનાં વાળનાં લુગડાં બનેછે.

દુનિઆના કેટલાક ભાગમાં રેતીના મોટા કકડા હોયછે જેને રણો કહેછે. આ રણોમાં ઘરો, ખુશાનુમાં પાણીના ઝરા અને ઝાડો હોતાં

નથી. જ્યાં લગણ નજર પોહોંચી શકે ત્યાં લગણ રેતી, પથરા, અને ખડકો સિવાય આસપાસ બીજું કાંઈ દેખાતું નથી.

આ ઉજડ રણો ઓળંગી જતી વખતે મુસાફરે જે દરેક ચીજની તેને રસ્તામાં અગત હોય તે સાથે રાખવી જોઈએ. તેણે પોતાને અને જેવો તેની સાથે હોય તેઓને ઘણા દહાડા ચાલવાને સારૂં પુરતો ખોરાક અને પાણી લેઇ જવું જોઈએ.

કોઈબી ઘોડો આ મોટા રણોમાંથી ભારી બોજો લેઇ જઈ શકયો નથી. પણ તે કામને લાયક એક બીજું જનાવર ખોદાએ માણસને આપેલુંછે. આ જનાવર તે ઉંટ છે.

જ્યારે ખલાસીઓ વહાણમાં દરિઆ પાર કરેછે, ત્યારે જે ચીજની તેઓને ગરજ હોય તે ચીજ તે વહાણે લેઈ જવી જોઈએ. અને ઉંટને પોતાના ધણીને સારૂં રણમાં તેજ પ્રમાણે કરવાનુંછે તેથી તેને "રણનું વહાણ" કરી કહેછે.

જ્યારે ઉંટ ઉપર બોજો લાધવાનો હોયછે, ત્યારે તે ગુઠણ મદીએ બેસેછે કે તેનો ધણી તેની પીઠઉપર બોજો મુકે; અને જ્યારે દહાડાની કુચ પુરી થાયછે, અને આસાએસ લેવાનો વખત થાયછે ત્યારે તે પોતાનો બોજો ઉતરાવવાને પાછું ગુઠણ મદીએ બેસેછે.

લાંબો વખત સુધી ખોરાક વગર ઉંટ ચાલી (જઇ) શકેછે; અને તે કુચ કરેછે તેની આગમચ, તેને કેટલાક દહાડા ચાલે તેટલું પાણી પી લેછે. આરબ પોતાના ઉંટને ચહાયછે અને તેની વખાણને સારૂં ગીત ગાયછે તેમાં કાંઈ અજાએબ થવા જેવું નથી. ઘોડો પોતાના ધણીને લેઈ જાયછે, ગાય તેને દુધ આપેછે, અને મેંઢા કપડાને સારૂં

તેને ઉન આપેછે; પણ આરબને એખલું ઉંટ બધાં જનાવરનાં જે-ટલું કામ લાગેછે.

તે રણમાં વસનારા લોકોને દુધ અને ઘણું ખરૂં સઘળું જે તેઓ-ને જોઇએ તે પુરૂં પાડેછે. તેના મુવા પછી તેનું માસ ખોરાક તરીકે વપરાયછે અને તેના બાલના લુગડાં બનેછે.

---

## STORY OF A DOG. એક કુતરાની વાત.

Some years ago, થોડાક વર્ષની વાત ઉપર. [Message.

Errand, *n.* (એરંડ) કામ, પેગામ,

Was sent on an errand, કામે મોકલ્યો હતો.

Rough, *a.* (રફ) જેવા તેવા, Disordered in appearance.

Lame, *a.* (લેમ) લંગડો, Crippled.

Came *limping*, (કેમ લિમ્પિંગ) લંગડાતો લંગડાતો આવ્યો, Halting.

Had been ill-used, તેને દુઃખ દેવામાં આવ્યું હતું.

Let it *follow*, પછવાડે આવવા દીધો, Go after.

Pity, *n.* (પિટી) દયા, Kindness.

Almost cried, રડવાના અંતપર આવ્યાં.

Dit not *turn away*, હાંકી કાઢયો નહીં, Drive away.

Wash-house, *n.* (વૉશ હાઉસ) ન્હાવા-ધોવાનો ભાગ.

Clean, *a.* (ક્લીન) સ્વચ્છ; સાફ, Free from dirt.

Straw, *n.* (સ્ટ્રૉ) ઘાસનો પૅડો.

To lie on, સુવાને, To rest.

Thankful, *a.* (થૅન્કફુલ) આભારી.

Kindness, *n.* (કાઇન્ડનેસ) માયા, Pity.

Instead of *crouching* (ક્રાઉચીંગ) વાંકુ વળ્યાને બદલે, Cowering, lying low.

Afraid *a.* (અફ્રેડ) બીહેલું, Terrified. [Would jump.

Would frisk, *v.* (ફ્રિસ્ક) કુદતો હતો,

To lick, *inf.* (ટુ લિક) ચાટવાને, To touch with the tongue.

Pet *n.* (પેટ) વ્હાલું પ્રાણી, A fondling being.

Used *to drive away*, કાઢી મુકતો હતો, To turn away.

To tease, *inf.* (ટુ ટીઝ) ચીડવવાને To vex, to annoy.

Stayed, *v.* (સ્ટેડ) થોભતો હતો, Remained.

Fowls, *n.* (ફાઉલ્ઝ) મરઘાં બતકાં, Domestic winged animals.

Did stray. *v.* (સ્ટ્રે) ભટકતાં ફરે; રખડે; ભુલાં પડે. Go out of the way.

It was long before Elf could be taught what she meant, જે કાંઈ એલ્ફને તે કહેવા માંગતી હતી તે ઘણે લાંબે વખતે શિખ્યો હતો.

Wet day, (વેટ્ડે) વરસાદનો દહાડો, Rainy day.

Umbrella, *n.* (અમબ્રેલા) છત્રી, A cover from the sun or rain.

Street, *n.* (સ્ટ્રીટ) મોહલ્લો; ગલી, A paved way between houses.

It would run, તે દોડી જતો હતો.

Past them, તેમને પાછળ રાખી.

At full speed, (સ્પીડ) પુરી ઝડપથી, Very swiftly. [Securely.

Safely *ad.* (સેફલી) સલામત રીતે, In many ways, ઘણી રીતે.

Did repay, *v.* (રીપે) બદલો વાળી આપ્યો, Did reward.

Friends, *n.* (ફ્રેન્ડઝ) દોસ્તદારો, Favourers.

થોડાં વર્ષની વાતઉપર એક નાનો છોકરો (જેની ઉમર) આઠ વર્ષ કરતાં વધારે નહીં હતી તેને (કાંઇ) કામે મોકલ્યો હતો. જ્યારે તે ઘેર જતો હતો, ત્યારે એક લંગડો, જેવો તેવો અને મેલો કુતરો લંગડાતો, લંગડાતો તેની પછવાડે આવ્યો.

એક ખરાબ છોકરાએ તે ગરીબ કુતરા તરફ કુતરા કૅર્યા હતે, પણ તે નાનો છોકરો કે જેનેવિષે હું તમને વાત કહુંછું, તેને નમનતાઈવાળો અને માયાળું થવાને શિખવેલું હતું.

તેણે જોયું કે તે કુતરાને દુઃખ દેવામાં આવતું હતું, અને તેને એક દોસ્તદારની ગરજ હતી, તેથી તેણે તેને પોતાની પછવાડે ઘેર આ-વવા દીધો.

જ્યારે તે નાના છોકરાએ પોતાની માને તે કુતરાને ઘેરમાં આવવા દેવાની તેણીની મરજી (કે કે નહીં) તે વિશે પુછ્યું, ત્યારે જે કાંઇ કહ્યું તે તે ગરીબ કુતરો જાણતો હોય તેમ જણાયો.

અરે તે કેવો દલગીર જણાયો! જ્યારે છોકરાંઓએ તેની મોટી ચળકતી આંખો દયાને સારૂં તેઓ તરફ જોતી જોઈ ત્યારે તેઓ રડ-વાની અણીપર આવ્યાં હતાં.

મા કે જેને પોતાનાં છોકરાંને માયાળું અને નમ્ર થવા શિખવ્યું હતું તેણીએ તે ગરીબ, ભુખ્યા, લંગડા કુતરાને હાંકી કાઢયો નહીં. તેણીએ તેને ન્હાવા ધોવાના ભાગમાં મોકલ્યો, અને છોકરાંઓએ કાંઈ ખોરાક, પીવાને થોડું પાણી અને સુવાને થોડો સાફ ઘાસનો પેંડો તેને આપ્યો.

જે માયા તેને દેખાડવામાં આવી તેને સારૂં તે કેવો આભારી હતો તે દેખાડવાને એક કુતરો જે સઘળું કરી શકે તે તેણે કીધું. જાણે કે માર ખાવાને બીહતો હોય તેમ વાંકો વળ્યાને બદલે તે પોતાના નાના દોસ્તોના હાથ ચાટવાને તે આસપાસ નાચતો કુદતો હતો.

તે છોકરાંઓએ તે કુતરાનું નામ એલ્ફ પાડયું, તે તેઓનો દોસ્તદાર તેમજ તેઓનું પ્યારૂં પ્રાણી હતું.

તે તેઓનો દોસ્ત કેમ હતો તે હું તમને કહીશ. તે તેઓની સાથે નિશાળે જતો હતો અને જે કોઈ ખરાબ છોકરા તેઓને ખીજવવાને અથવા નુકશાન કરવાને કોશેશ કરતા હતા તેઓને હાંકી કાઢતો હતો.

પછી જ્યારે તેઓ નિશાળમાં પહોંચતા હતા (જતા હતા) ત્યારે ઑલ્ડ પાછો ઘેર આવતો હતો, અને વાડામાં મરઘાં બટકાં આગળ ઉભો રહેતો હતો. તે તપાસ રાખતો હતો કે તેઓ ભુલા પડે નહીં અને તેઓને કોઈ ચોરી નહીં જાય. જ્યારે ઑલ્ડ નજદીક રહેતો હતો ત્યારે કોઈ ખરાબ છોકરાઓ તેઓ તરફ પથરા ફેંકવાની હીંમત કરતા હતા નહીં.

જ્યારે છોકરાંઓનો નિશાળ છોડીને આવવાનો વખત થતો હતો, ત્યારે તેઓની મા કહેતી " ઑલ્ડ, હવે છોકરાંઓને લેઈ આવવાનો વખત થયોછે." જે કાંઈ ઑલ્ડને તે કહેવા માંગતી હતી તે તે ઘણે લાંબે વખતે શિખ્યો હતો. પણ છેલે તે તેણે જાણ્યું; અને જેવા તે બોલો બોલાતા કે તે ઝડપથી દોડીને નિશાળે જતો હતો.

હા અને તે કરતાં વધારે; ઑલ્ડ છેલે સરવાલે એવો તો હુશ્યાર કુતરો થયો કે વરસાદના દહાડામાં જ્યારે તે છોકરાંઓને લેવા નિશાળે જતો હતો, ત્યારે પોતાના મહોડામાં એક છતરી લેઈ જતો હતો. ચીત્ર ભણી જુઓ, અને તમે નિશાળમાં જવાને નિકળવાને તયાર થયલો ઑલ્ડને જોશો.

કોઈ વખતે મહોલામાંના છોકરાઓ તેની પાસેથી છત્રી લેઈ લેવાની કોશિશ કરતા હતા; તે એટલી તો ઝડપથી દોડી જતો કે તેઓ-નું કાઇ વળતુ હતું નહીં તે તેઓને વટાવીને પુર ઝડપથી દોડી જતો હતો, અને હમેશા સલામત રીતે નિકળી જતો હતો.

આ પ્રમાણે આ એક વખતના ગરીબ, લંગડા કુતરાએ પોતાના નાના દોસ્તોની માયાનો ઘણી સારી રીતે બદલો વાળ્યો.

## THE GOLDEN RULE. સોના જેવો કાયદો.

Golden, *a.* (ગોલ્ડન) સૌથી સરસ, સોના જેવો, Excellent.

Rule, *n.* (રૂલ) કાયદો, Regulation.

As I would, જેમ હું ઇચ્છું, As I wish.

Honest, *a.* (ઑનસ્ટ) પ્રમાણીક, Upright, just.

Ought to be, *v.* (ઑટ) થવું જોઇએ, Must be.

જેમ હું ઇચ્છું તેમ બીજાઓ મારી સાથે ચાલે તેજ પ્રમાણે મારેબી તેઓ સાથે ચાલવું જોઇએ, તેથી કરીને હું પ્રમાણીક, માયાળું અને ભલો થઇશ, કે જે પ્રમાણે છોકરાંઓએ થવું જોઇએ.

---

## THE DONKEY. ધધેડો.

Donkey, *n.* (ડૉન્કી) ધધેડો, ખર. An ass.

A handful of grass, મુઠો ભરીને ઘાસ, A small quantity of grass.

Stupid, *a.* (સ્ટુપિડ) બેવકુફ, Foolish.

Trots, *v.* (ટ્રોટસ) તુરકી ચાલે ચાલીને જાયછે, Walks fast.

Sack, *n.* (સૅક) કોથળો, A bag.

Lets ride, (રાઇડ) સ્વારી કરવા દેછે, Lets sit on its back.

By the *ditch*, (ડિટ્ચ) ખાઇની આગળ, Moat; trench.

Now and then, વારે ઘડીએ Often.

Trick, *n.* (ટ્રિક) ઢોંગ, આદત, A particular habit.

Of standing *stock-still* (સ્ટૉક સ્ટિલ) થાંભલાની માફક થંભ ઉભું રહેવાની, Still as a fixed post.

Passes, *v.* (પાસિસ) વહી જાયછે; જતા રહેછે, Goes away.

Silly, *a.* (સિલી) અનાડી, મૂર્ખ, Foolish.

ગરીબ ઘધેડા! હું તેને મુઠો ભરીને ઘાસ નાખીશ; જો કે તે બે-વકુફ બુઢો ઘધેડો છે તોપણ મારી ખાતરી છે કે તે પ્રમાણીક છે. તે કોથળો લેવાને બજારમાં ઝડપથી દોડીને જાયછે, અને પોતાની પીઠ ઉપર ઘેર આવતી વખતે મને આખે રસ્તે બેસવા દેછે; અને ખાઈમાં તેને શારૂં કાંઈ તાજું ઘાસ હોય તો તે જોવાને તે ખાઈ આગળ માત્ર એક મીનીટ ઉભો રહેછે.

તે ખરૂં છે કે વારંવાર થાંભલાની માફક થંભ ઉભું રહેવાની અને લાત મારવાની તરતજ કોશેશ કરવાની તેને ખરાબ આદત પડેલી છે; પણ ત્યારે તમે જાણોછો કે તે ગરીબ બુઢો (ઘધેડો) જાણતો નથી કે થાંભલાંની માફક થંભ ઉભો રહેવાથી મારીશાથે તે ગેરવાજબી રીતે ચાલેછે, કારણ કે હું હીંમતથી કહુંછું કે પેહેલાં કામ કરવું અને ત્યાર પછી રમવું એ કદી તેના મનમાં નથી આવતું.

નહીં, નહીં, મારા ભલા ઘધેડા, હું તુંને થોડું ઘાસ નાંખીશ, કારણ કે તું વધારે સારૂં જાણતો નથી, કારણ કે તું એક ઘધેડોછે; કેટલાંક છોકરાં કે જે તારી માફક પોતાની ચોપડી ધરીને થાંભલાની માફક ઉભાં રહેછે, અને જેમ વખત જાયછે તેમ તેનો દરેક પળ ફોકટ ગુમાવેછે, તે કેવાં નાના ઘધેડાં જેવાં લાગેછે.——તેઓ ઘધેડાઓ કરતાબી વધારે બેવકુફ અને મૂર્ખ છે.

---

## STORY OF THE SHEEP & THE LAMB.

## મેંઢી અને તેના બચાંની વાત.

Lad, *n.* (લૅડ) છોકરો.
Steps, *n.* (સ્ટૅપ્સ) પગલાં.
Bleating, *p.* (બ્લીટિંગ) બેંબેં કરતાં.
Loudly, *ad.* (લાઉડલી) મોટેથી.

Had never seen a sheep act, કોઇબી મેંઢાને આ પ્રમાણે કરતાં કદી જોઇ ન હતી.
Creature, *n.* (ક્રીચર) પ્રાણી.
Led the way, લઇ ગઇ, રસ્તો દેખાડયો.
Running stream, વહેતી નદી.
Pool, *n.* (પુલ) ખાબોચીઉ; કુંડ.
Spot, *n.* (સ્પૉટ) જગ્યા.
Struggling, *p.* (સ્ટ્રગ્લિંગ) તરફડયાં મારતાં.
Bank, *n.* (બૅન્ક) કિનારો.

In vain, *ad.* (ઇન વેન) ફોકટમાં.
To get out, બાહેર આવવાને.
Leaning, *p.* (લીનિગ) અઢેલીને; વાંકો વળીને.
Could reach, *v.* (રીચ) પોંહોંચી શકયો.
Caught hold of, (કૉટ હોલ્ડ ઑફ) પકડયું; ધર્યું.
Lifted up, *v.* (લિફ્ટેડ) ઊંચકી લીધું. [જણાઇ.
Seemed pleased, ખુશી થયલી
Beside her, પોતાની પાસે.

## THE BROWN BEAR. ભુરૂ રીંછ.

Brown, *a* (બ્રાઉન) ભુરૂ.
Woods, *n.* (વુડ્ઝ) જંગલો.
Climber, *n.* (ક્લાઇમ્બર) ઝાડપર ચઢનાર.
Hollow, *a.* (હૉલો) પોકળ.
Fond, *a.* (ફૉન્ડ) શોખીલું.
Plenty, *a.* (પ્લેન્ટી) પુષ્કળ.
Forest, *n.* (ફૉરેસ્ટ) જંગલ.
Robs, *v.* (રૉબ્ઝ) ચોરી જાયછે.
Hives, *n.* (હાઇવ્ઝ) મધ પુડા.
Smell, *n.* (સ્મેલ) વાસ, સુગંધ.

Gnaws, *v.* (નૉઝ) કરડી ખાયછે.
Bark, *n.* (બાર્ક) છાલ.
Paw, *n.* (પૉ) પંજો.
In spite of, *pre.* (ઇન સ્પાઇટ ઑફ) છતાંબી.
Stings, *n.* (સ્ટિંગ્ઝ) ડંખો.
Thrusts in his paw, પોતાના પંજો અંદર ઘાલેછે.
Scoops out, *v.* (સ્કૂપ્સ આઉટ) કોતરીને બાહેર કાઢેછે.
Lumps, *n.* (લંપ્સ) જથ્થા.

Comb, *n.* (કોમ) પુડો. [જાયછે.
Has robbed, *v.* (રૉબ્ડ) ચોરી લઈ
Store, *n.* (સ્ટોર) સંગ્રહ, ભંડાર.
Cave, *n.* (કેવ) ગુફા, કોતર, બો.
Twigs, *n* (ટ્વિગ્ઝ) ડાંખલીઓ.
Snugly, *ad.* (સ્નગ્લી) મઝેથી.
To roam, *inf* (રોમ) ભટકવાને.
To hunt, *inf.* (હંટ) શિકાર
  કરવાને.
Blankets, *n.* (બ્લૅન્કેટ્સ) ધાબ-
  ળી, કામળી.
Muffs, *n.* (મફ્સ) રૂવાંવાળા ચા-
  મડાના હાથના ઢાંકણું.
Oil, *n.* (ઓઇલ) તેલ,

---

## THE LION AND THE MOUSE. સિંહ ને ઉંદર.

Lion, *n.* (લાયન) સિંહ.
Was lying asleep, સૂતેલો હતો.
Forest, *n* (ફૉરેસ્ટ) જંગલ.
Began to amuse themselves
  પોતાને ગમત આપવા લાગ્યા.
Awoke, *v.* (અવોક) જગાડયો;
  ઊંઘમાંથી ઉઠાડયો.
Starting up, ઝબકી ઉઠીને.
Could not get away, બચી જઈ
  શક્યો નહીં.
Rest, *n.* (રેસ્ટ) બાકીના.
Began to plead, આજીજી કરવા
  લાગ્યો. [આજીજી કીધી.
Pleaded so hard, એટલી બધી તો
Grateful, *a.* (ગ્રેટફુલ) આભારી.
To repay, *inf.* બદલો વાળી
  આપવાને.
Smiled, *v* (સ્માઇલ્ડ) હસ્યો.
Idea, *n.* (આઇડીઆ) વિચાર.
Net, *n.* (નેટ) જાળ.
Ropes, *n.* (રોપ્સ) દોરડાં.
Had been spread, પાથરેલી હતી.
Hunters, *n.* (હંટર્સ) શીકારીઓ.
Struggled, *v.* (સ્ટ્રગલ્ડ) તરફ-
  ડીયાં માર્યાં.
To get free, છૂટો થવાને.
Roared with pain and terror,
  દુઃખ અને ધાસ્તીથી બરાડા
  મારવા લાગ્યો.
Set to work, કામ કરવા લાગ્યો.

Sharp teeth, અણીવાળા દાંત.
Great deal of labour, ઘણીજ મેહેનત.
Gnawed through, આરપાર કરડી ખાધું.
Set free, છુટો કીધો.
Prowling, *p.* (પ્રાઉલિંગ) ભટકતાં; ભમતાં.
Eager, *a.* (ઈગર) આતુર.
Search, *n.* (સર્ચ) શોધ.
Prey, *n.* (પ્રે) શિકાર.
By chance, (બાઈ ચાન્સ) ભોગ જોગ; દૈવ જોગે.
Unwelcome, *a.* (અનવેલકમ) નાપસંદ.
Crept, *v.* (ક્રેપ્ટ) ચાલી આવ્યો.
Nibbled, *v.* (નિબલ્ડ) કરડી ખાધું.
Gave way, *v.* છુટી પડી ગઈ.
Should despise, *v.* ધીક્કારવું જોઈએ.
Humblest, *a.* (અમ્બલીસ્ટ) સૌથી કમીના.
May need, *v.* (મે નીડ) જરૂર પડે.
Help, *n.* (હેલ્પ) મદદ.
The poor man, ગરીબ માણસ.

---

## THE PET LAMB. લાડકવાયું મેંઢું.

Had been sold, વેચવામાં આવી હતી.
Clothing, *n.* (ક્લોધિંગ) કપડાં.
Family, *n.* (ફૅમિલી) કુટુંબ.
But the pet lamb, તે વ્હાલાં મેંઢાં સિવાય.
Felt sad, દલગીરી લાગી.
Thought, *n.* (થૉટ) વિચાર.
Of parting, (ઑફ પાર્ટીંગ) છુટાં થવાનો.
Had to make up her mind to sell, વેચવાનો ઠેરાવ કરવાની ફરજ પડી હતી.
To go for the Butcher, ખાટકીને બોલાવા જવાને.
Heavy heart, ભારે દીલથી.

Bargained, *v.* (બારગેન્ડ) સાટું કીધું.

Alarm, *n.* (અલાર્મ) ધાસ્તી;બીક.

Go away, જતો રહે; ખસતો જા.

Pushing aside, બાજુએ ખેંચીને–ખસેડીને.

Playful, *a.* (પ્લેફુલ) રમતીઆળ.

In front, (ઇન ફ્રંટ) આગળ.

Began to drag away, ખેંચવાને સરૂ કીધું.

Very sadly, ઘણીજ દલગીરી ભરેલી રીતે.

The grief was too much for her, તે ગમ તેણીથી ખમી ન શકાય એવો હતો.

And her heart sank within her, અને તેણીનો જીવ ઘણો બલ્યો.

Pleading, *p.* (પ્લીડિંગ) આજીજી કરતાં.

Tearful, *a.* (ટીઅરફુલ) આંસુથી ભરેલી.

Choked, *p.* (ચોકડ) ગુંગલાઈ ગયલા.

Sobs, *n* (સૉબ્સ) ડચકાં.

In husky tones, ઓગરા અવાજે.

Stopped dragging, ખેંચવાને બંધ કીધું.

Ceased, *v.* (સિઝડ) બંધ પાડયું.

In a voice that shook, લડડતા અવાજે.

Can earn, *v.* (કૅન અર્ન) કમાઈ શકે; મેળવી શકે.

Was alive, જીવતો હતો.

Won't have sold, વેચવા દેવાનાં નથી.

We will rather go without bread, અમુને રોટલી વગર ચાલશે.

Could not help selling, વેચ્યા વગર ચાલ્યું નહીં.

The more, જેમ જેમ વધારે અને વધારે.

Handed back the silver, રૂપાં નાનું પાછું આપ્યું.

Was touched in his heart, તેનાં દીલમાં લાગી આવ્યું.

Offered to return, પાછા આપવા કહ્યા.

Will not rob, છીનવી લેવરા નહી.

Dashed across આડા થયાં.
Gathered, v (ગૅધર્ડ) એકઠાં થયાં.
Stroked, v. (સ્ટ્રોક્ડ) પસવાર્યું.
Were filled with joy, ઘણા ખુશી થયાં
Never found herself so hard pressed, કદી આવી ખરાબ હાલતમાં આવી નહીં.

## PERSEVERE. ખંત રાખો.

Persevere, v. (પરસીવીઅર) ખંત રાખો.
Drive, v. (ડ્રાઇવ) મારો, ઘોકો.
Hit, v. (હીટ) મારો; ઘોકો.
Strike, v. (સ્ટ્રાઇક) ફટકો લગાવજો.
Red, a. (રેડ) લાલચોલ.
Top, n. (ટૉપ) મથાળું.
Standing at the foot, તળીએ ઉભા રહીને.
Gazing, p. (ગેઝીંગ) ટાંકીને જોતાં.
Stumble, v. (સ્ટંબલ) ઠોકર ખાવો.
Never be down-cast, કદી પણ હીંમત છોડતાના.
Try & try again, ફરી ફરીથી કોશિશ કરજો.
Will succeed, v. ફતેહ પામશો.
At last, છેલે સરવાલે.

## THE CROW AND THE PITCHER. કાગડી અને ઘડો.

Crow, n. (ક્રો) કાગડી.
Flew, v. (ફ્લ્યુ) દોડીને ગઈ.
Pitcher, n. (પિચર) ઘડો.
Thirsty, a. (થર્સ્ટી) તરસી.
Hoping p. (હોપિંગ) આશા રાખીને.
Efforts, n. (એફર્ટસ) મેહેનત; કોશિશ.

Could not wet, ભીંજવી શકી નહીં.

Top, *n.* (ટૉપ) અણી.

Never dispair, *v.* (ડીસપૅર) કદી આશા ના મુક.

Where there is a will there is a way, મરજી હોય ત્યાં રસ્તો હોયછે: મન ચંગા તો કઓટમેં ગંગા.

Clever thought (ક્લેવર થૉટ) ચાલાકી ભરેલો વિચાર.

Came into her head, તેણીના મનમાં આવ્યો.

Picked, *v.* (પિકડ) ઊંચકયો.

Pebble, *n.* (પેબલ) પથ્થર.

Sank, *v.* (સૅંક) નિચે ગયા.

Began to rise, ઉપર ચઢવા માંડયું.

Labour was rewarded, મેહેનતનો બદલો મળ્યો.

Drank at her ease મજાથી પીધું.

But for her clever thought, તેણીને આવો ચાલાકી ભરેલો વિચાર સુજયો ન હતે તો.

Which she would never have been able to reach જે મેળવવાંને તે કદી શકિતવાન થતે નહીં.

## THE SOLDIER AND THE HORSE.

## સીપાઈ અને ઘોડો.

Soldier, *n.* (સોલજર) સીપાઈ.

Was passing along a street, એક મોહોલામાંથી જતો હતો.

London, *n.* (લંડન) ઈંગલાંડની રાજધાની, લંડન શેહેર.

Old fellow, અસલી દોસ્ત-મીત્ર-સાથી.

Seemed to know the voice, અવાજ ઓળખતો હોય એમ જણાયો,

Pocket, *n.* (પૅકેટ) ગજવું.

Penny *n.* (પેની) બે દદીઆં.

A feed of corn, એક વખત ખાય એટલો અનાજ.

Stable. *n.* (સ્તેબ્લ) તબેલો.
Went his way, પોતાને રસ્તે ગયો.
Beautiful, *a.* (બ્યુટીફુલ) સું-
દર; સારો.
Sight, *n.* (સાઇટ) દેખાવ.
Wonder, *n.* (વંડર) અજાએબી.
Kindness, *n.* (કાઇન્ડનેસ) માયા.
Likely, *ad.* (લાઇક્લિ) ઘણું કરીને.

---

## LESSONS. ધડા.

To study, *inf.* (ટુ સ્ટડી) અ-
ભ્યાસ કરવાનો.
Hard, *ad.* (હાર્ડ) સખ્ત; ઘણોજ
કઠણ.
Reward, *n.* (રીવૉર્ડ) બદલો;
ઇનામ.
Lessons must heed, *v.* (મસ્ત
હીડ) ધડા ઉપર ધ્યાન આપવું
જોઇએ.
Empty, *a.* (એમ્પતી) ખાલી.
Pur se, *n.* (પર્સ) કોઠલી.
Brain, *n.* (બ્રેન) મગજ; ભેજું.
With a will, ખુશીથી; રાજી
થઇને.
Prize, *n.* (પ્રાઇઝ) ઇનામ.
To win, *inf.* (ટુ વિન) જીત-
વાનો; મેળવવાનો.
To pour, *inf.* (ટુ પૉર) રેડવાનો;
મેળવવાનો.
Golden knowledge, સોનાના જે-
વું સરસ જ્ઞાન.

---

## THE WHITE BEAR. સફેદ રીંછ.

Cold cold North, ઉતર તરફના
ઘણાજ થંડા મુલકો.
Always, *ad.* (ઑલવેઝ) હમેશાં.
Snow, *n.* (સ્નો) બરફ.
Great blocks of ice, બરફના
મોટાં ચોસલાં.
Float about, એમ તેમ તરેછે.
Polar bear, (પોલર બેર) ઉ-

તર ધ્રુવમાં રહેનારો રીંછ.
Does not mind, દરકાર કરતો નથી.
To keep warm, હુંફાળો રાખવાને; ગરમી આપવાને.
Enjoys, *v.* (એનજોયઝ) ભમેછે.
Sharp air, કકડતી થંડી.
Warm sunshine, ઘણોજ તડકો.
Soles, *n.* (સોલ્સ) તળીયાં.
As if he had on, જાણે કે તેણે પેહેરેલાં હોય.
Pair, *n.* (પૅર) જોડી.
Generally, *ad.* (જનરલી) ઘણું કરીને.
Plenty, *n.* (પ્લેંતી) બહુ.
Fond, *a.* (ફૉંડ) શોખીલો.
Seal, *n.* (સીલ) સીલ માછલી.
Dinner, *n.* (દિનર) ખાણું.
Is melted, *v.* (ઈઝ મેલતેડ) પીગળેલું હોયછે.
To pop up his head, સડપ દેઈને દોકડું બાહાર કાઢવાની.
By and by, *ad.* રફતે રફતે.
Pounces, *v.* (પાંઉસીસ) તડાપ મારેછે.
Tears it to pieces, તેના કકડે કકડા કરી નાખેછે.
Dives, *v.* (દાઈવઝ) ડુબકી મારેછે.
He comes upon, તેને હાથ લાગેછે.
A great treat, (ત્રીત) મોટી મેજબાની.
Berries, *n.* (બેરીઝ) બેરી ફળ.
Sea-weed, *n.* (સી ઉવીડ) દરીઆઈ પાલો.
On the shore, કીનારા ઉપરનો.

---

## NEVER PUT OFF. કદી મુલતવી રાખતા ના.

Whenever, *ad.* (ઉવેનઍવર) જ્યારેખી.
Put off, *v.* (પુટ ઑફ) ઢીલ કરવી.
A task is set to you, તમને કાંઈ કામ કરવા સોપ્યું હોય.
Do not view it, તે જોયા કરતા ના.
Be content, સંતોષ પામજો.
Content, *a.* (કનતેન્ટ) સંતોષી.

---

## THE FOX AND THE GOAT. શિયાળ અને બકરી.

Fox, *n.* (ફૉક્સ) શિયાળ.
Cunning, *n.* (કનિંગ) લુચ્ચાઈ.
Believed, *v.* (બીલીવ્ડ) માન્યું.
Springs, *n.* (સ્પ્રિંગ્ઝ) ઝરા; નાળાં.
Brooks, *n.* (બ્રુક્સ) નાળાં.
Slyly, *ad.* (સ્લાઇલી) નજર ચુકવીને; હરસે.
Farm-yard, *n.* (ફાર્મ યાર્ડ) ખેતરનો વાડો—ચોક.
Hurry, *n.* (હરી) ઉતાવળ.
Set off, *v.* (સેટ ઑફ) જવા નિકળ્યો.
With full speed, પુરી ઝડપથી.
Water was quite out of his reach, પાણી તેના હાથમાં સુદ્ધા આવે એવું નહી હતું.
Tumbled in, *v.* (ટમ્બલ્ડ) અંદર ગબડી પડયો.
Heels over head, ઊંધે મસ્તક.
Got a great fright, ઘણોજ બીધો.
Was hurt, *v.* (વૉઝહર્ટ) ઇજા થઈ
Thirst was gone, (થર્સ્ટ) તરસ મટી.

Wished to get out, બાહેર નિકળવાની ઇછા કીધી.
Steep, *a.* (સ્ટીપ) ઉભી.
Prisoner, *n.* (પ્રિઝનર) બંધીવાન.
That I cannot stop drinking it, મને તે પીવાનું છોડવા નહીં ગમતું.
Long beard, *n.* (લૉંગ બીઅર્ડ) બકરી; લાંબી દહાડીવાળી.
No sooner, *ad.* (નો સુનર) જેવી.
Leaped, *v.* (લીપ્ડ) કુદી ગયો.
In an instant, એક પળમાં.
Sprang, *v.* (સ્પ્રૅંગ) કુદયો.
Madam, *n.* (મૅડમ) બાઈ.
I bid you good-morning, હું તમુને સહવારની સલામ કરૂં છું.
Silly, *a.* (સિલ્લી) અનાડી.
Foolish, *a.* (ફુલિશ) મુર્ખ.
To listen, *inf.* (ટૂ લિસન્) સાંભળવાને.
Cunning fox, લુચ્ચું શિયાળ.
Selfish, *a.* (સેલ્ફિશ) એકળપેટો.

## PLAY. રમત.

Merry, *a.* (મેરી) ખુશ.
Duty, *n.* (ડ્યુટી) ફરજ, કામ.
Has been done, પુરૂ કીધુંછે.
Bravely, *ad.* (બ્રેવ્લી) બહાદુરીથી.
Wisely, *ad.* (ઉવાઇઝલી) ડહાપણથી.
Frolic, *n.* (ફ્રૉલિક) રમત, ગમત.
Fun, *n.* (ફન) રમુજ; ધીંગમસ્તી.
Cheerful, *a.* (ચીઅરફુલ) ખુશી ભરેલું.
Ring, *n.* (રિંગ) કુંડાળું.
Lightly laugh, હલુથી હસીએ છીએ.
Gaily sing, ખુશીથી ગાઇયે છીએ.
Industry, *n.* (ઇનડસ્ત્રી) ઉદ્યોગ.
Turn, *n.* (તર્ન) વારી.

## USEFUL KNOWLEDGE. ઉપયોગી જ્ઞાન.

### A HOUSE. ઘર.

Outside, *n.* ઘરની બાહેરનો ભાગ.
Foundation, *n.* (ફાઉન્ડેશન) પાયો.
To keep, *inf.* (ટૂ કીપ) અટકાવવાને.
Brick, *n.* (બ્રિક) ઈંટરડી.
Mortar, *n.* (મૉર્ટર) ચુનો.
Cannot be had, મળી શકતાં નથી.
Quarry, *n.* (ક્વૅરી) પથ્થરની ખાણ.
Clay, *n.* (ક્લે) માટી.
Ashes, *n.* (ઍશીસ) રાખ.
Brick-layer, *n.* (બ્રિકલેઅર) કડીયો.
Mason, *n.* (મેસન) ઢાંકફોડો, સલાટ.
To hew, *inf.* (ટૂ હ્યુ) ટાંકણાથી કાપીને સફાઈ ભરેલું કરવું.
To shape, *inf.* (ટૂ શેપ) આકાર કરવો.
Moulds, *n.* (મોલ્ડઝ) ખાનાં; બીબાં.
Damp, *n.* (ડૅમ્પ) ભિનાસ.
Burned, *p.* (બર્નડ) પકવેલું.

Kiln, *n.* (કિલ્ન) ભઠ્ઠી.
Openings, *n.* (ઓપનિંગ્ઝ) ઉઘાડી જગ્યા.
Easily, *ad.* (ઇઝીલી) સહેલાઇથી.
Hinges, *n.* (હિન્જીસ) મિજાગરડાં.
Brass, *n.* (બ્રાસ) પિતળ.
Latch, *n.* (લૅટ્ચ) અડગરો.
Lock, *n.* (લૉક) તાળું; કળ.
Frames, *n* (ફ્રેમ્સ) પતી; ચીપ.
To let in, અંદર આવવા દેવાને.
To keep out, બાહેર અટકાવી રાખવાને.
Flint, *n.* (ફ્લિન્ટ) ચકમક.
Pane, *n.* (પેન) કાચનો તકતો.
Fresh air, (ફ્રેશ ઍર) તાજી હવા.
Roof, *n.* (રૂફ) છાપરૂં.
Slates or tiles, (ટાઇલ્સ) નળીઆં.
